श्री विष्णुसहस्त्रनाम

यस्य स्मरणमात्रेण जन्मसंसारबन्धनात् ।
विमुच्यते नमस्तस्मै विष्णवे प्रभविष्णवे ॥१॥

Yasya smarana-mātrena
janma-samsāra bandhanāt;
Vimuchyate namas-tasmai
vishnave prabha-vishnave

જેના સ્મરણથી જીવો બંધથી મુક્ત થાય છે,
ચિંતા ક્લેશ વિપત્તિ ને દીનતા દુઃખ જાય છે.
नमः समस्तभूतानामादिभूताय भूभृते ।
अनेकरूपरूपाय विष्णवे प्रभविष्णवे ॥२॥

Namah samasta bhutānam
adi-bhutāya bhubrite;
Aneka-rupa-rupāya
vishnave prabha-vishnave.

આનંદ શાંતિ ગંગામાં જેમના ભક્ત ન્હાય છે,
બલી ને વિશ્વવ્યાપી જે, તેને મારા પ્રણામ છે.
श्रीवैशम्पायन उवाच
श्रुत्वा धर्मानशेषेण पावनानि च सर्वशः ।
युधिष्ठिरः शान्तनवं पुनरेवाभ्यभाषत ॥३॥

VAISHAMPAYANA UVACHA
Shrutvā dharmana sheshana
pavanāni cha sarvashah;
Yudhishthirah shantanavam
punarevabhya-bhāshata.

વૈશંપાયન કહે છેઃ
સાંભળી સર્વધર્મોનો સાર પાવન જે કહ્યો,
યુધિષ્ઠિરે ફરી આવો ભીષ્મને પ્રશ્ન પૂછિયો.

युधिष्ठिर उवाच
किमेकं दैवतं लोके किं वाप्येकं परायणम् ।

स्तुवन्तः कं कमर्चन्तः प्राप्नुयुर्मानवाः शुभम् ॥४॥

YUDHISHTHIRA UVACHA
Kimekam daivatam loke
kim vapyekam pārāyanam;
Stuvantah kam kam-archantah
prāpnuyur manavah-shubham.

યુધિષ્ઠિર કહે છેઃ

કોણ છે દેવ સંસારે, કોણ આધાર એક છે ?

કોને પૂજી સ્તવી લોકો નિજ કલ્યાણ મેળવે ?

को धर्मः सर्वधर्माणां भवतः परमो मतः ।

किं जपन्मुच्यते जन्तुर्जन्मसंसारबन्धनात् ॥५॥

Ko dharmah sarva-dharmānam
bhavatah paramo matah;
Kim japan muchyate janthuh
janma samsāra bandhanāt.

સૌ ધર્મોમાં ક્યો ધર્મ તમે ઉત્તમ માનતા ?

કોને જપ્યા થકી જીવો બંધથી મુક્તિ પામતા ?

भीष्म उवाच

जगत्प्रभुं देवदेवमनन्तं पुरुषोत्तमम् ।

स्तुवन नामसहस्रेण पुरुषः सततोत्थितः ॥६॥

BHISHMA UVACHA
Jagat-prabhum deva-devam
anantam purushottamam;
Stuvan nāma-sahasrena
purushah satat utthitah.

ભીષ્મ કહે છેઃ

દેવના દેવ જે સૌના પ્રભુ ને પુરુષોત્તમ,

હજાર તેમનાં નામ કહું છું આજ ઉત્તમ.

तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ।

ध्यायन स्तुवन नमस्यंश्च यजमानस्तमेव च ॥७॥

Tameva charcha yan nityam
bhaktya purusham avyayam;
Dhyayan stuvan namasyam scha
yajamānas tam eva cha.

તેને જે ગાય છે, પૂજા કરે છે પ્રભુની વળી,

નમે છે તેમને ધ્યાવે, અર્ચે સેવે ફરી ફરી.

अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।

लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ॥८॥

Anādi-nidhānam vishnum
sarvaloka maheshvaram
Lokādhyaksham sthuvan nityam
sarva-duhkh atigo bhavet

આદિ અંત નથી જેને, વિષ્ણુ જે સર્વના પ્રભુ,

સૌના સ્વામી વળી નાથ, હિતકર્તા વળી વિભુ.

ब्रह्मण्यं सर्वधर्मज्ञं लोकानां कीर्तिवर्धनम् ।

लोकनाथं महद्भूतं सर्वभूतभवोद्भवम् ॥९॥

Brahmanyam sarva-dharmagnam
lokānam kerthi-vardhanam
Lokanātham mahad bhootam
sarva bhuta bhavod bhavam

ધર્મને જાણનારા ને રક્ષનારા સદાય જે,

સૃષ્ટિને સર્જનારા છે કહ્યા ઇશ્વર એક તે.

एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ।

यद्भक्त्या पुण्डरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥१०॥

Esha me sarva-dharmānam
dharmo(a)dhika tamo matah
Yadbhaktya pundaree-kaksham
stavair arche nara sada

આ છે સર્વ ધર્મોમાં સૌથી ઉત્તમ શ્રેષ્ઠ જે,

તેથી ભક્તિ વડે લોકો, પુણ્ડરીકાક્ષને ભજે.

परमं यो महत्तेजः परमं यो महत्तपः ।

परमं यो महद्ब्रह्म परमं यः परायणम् ॥११॥

Paramam yo mahat-tejah
paramam yo mahat-tapah
Paramam yo mahad-bramha
paramam yah parāyanam

તપ તેજ ભર્યું જેમાં, એક આશ્રય સૌ તણાં,

બ્રહ્મ જેને કહેલાં છે, જેનામાં કૈં નથી મણા.

पवित्राणां पवित्रं यो मङ्गलानां च मङ्गलम् ।

दैवतं दैवतानां च भूतानां योऽव्ययः पिता ॥१२॥

Pavitrānam pavitram yo
mangalānām cha mangalam
Daivatam devatānām cha
bhootānām yovyayah pitā

પવિત્ર છે બધાથી જે, સૌથી મંગલ છે વળી,

દેવોના દેવ, પ્રાણીના પિતા જેને કહ્યા વળી.

यतः सर्वाणि भूतानि भवन्त्यादियुगागमे ।

यस्मिंश्च प्रलयं यान्ति पुनरेव युगक्षये ॥१३॥

Yatah sarvāni bhutani
bhavantyādi yugāgame
Yasminscha pralayam yānti
punareva yuga-kshaye

જેમાંથી જીવ જન્મે છે, મરી જેમાં મળી જતાં,

વિશ્વના નાથ તે વિષ્ણુ, હજારો નામ તેમનાં.

तस्य लोकप्रधानस्य जगन्नाथस्य भूपते ।

विष्णोर्नामसहस्रं मे शृणु पापभयापहम् ॥१४॥

Tasya loka-pradhānasya
jagannāthasya bhupate
Vishnur nama-sahasram me
shrunu pāpa-bhayapaham

પાપ દુર થશે તેથી, ભય તેમ ટળી જશે,
વ્યાધિ નષ્ટ થશે, તેમ શાંતિ પૂર્ણ મળી જશે.

यानि नामानि गौणानि विख्यातानि महात्मनः ।
ऋषिभिः परिगीतानि तानि वक्ष्यामि भूतये ॥१५॥

Yāni nāmāni gounāni
vikhyātāni mahātmanah
Rishibhih parigeetani
tāni vakshyāmi bhootaye

પ્રખ્યાત ને નથી ખ્યાત એવાં નામ અનેક છે,
તે બધાં નામ ભક્તિથી સાંભળી રાજ, આજ લે.

ऋषिर्नाम्नां सहस्रस्य वेदव्यासो महामुनिः ॥
छन्दोऽनुष्टुप् तथा देवो भगवान् देवकीसुतः ॥१६॥

Rishir-nāmnām sahasrasya
Ved Vyāso mahā munihi;
Chhando Anushtup tathā devo
Bhagavān Devaki-suta

મહામુનિ કહ્યાં વ્યાસ ઋષિ નામ સહસ્ત્રના,
અનુષ્ટુપ કહ્યો છંદ, દેવ છે દેવકીસુત.

विष्णुं जिष्णुं महाविष्णुं प्रभविष्णुं महेश्वरम् ॥
अनेकरूप दैत्यान्तं नमामि पुरुषोत्तमं ॥१७॥

Vishnum jishnum mahā-vishnum
prabha-vishnum mahesvaram
Aneka rupam daitya-antam
namāmi purushottamam

વિષ્ણુ જિષ્ણુ મહાવિષ્ણુ પ્રભવિષ્ણુ મહેશ્વર,
અનેકરૂપ દૈત્યાંત નમું છું, પુરુષોત્તમ.

॥ॐ नमो भगवते वासुदेवाय॥

विश्वं विष्णुर्वषट्कारो भूतभव्यभवत्प्रभुः।
भूतकृद्भूतभृद्भावो भूतात्मा भूतभावनः ॥१॥

Om vishvam vishnur-vashatkāro
bhuta-bhavya-bhavat-prabhuh;
Bhutakrud bhutabhrud bhāvo
bhutātma bhuta-bhāvanah.

(હરિગીત)
તમે થયા છો વિશ્વરૂપ ને તમે વિશ્વમાં વ્યાપક છો,
ભૂત ભાવિ ને વર્તમાનના સ્વામી તેમ જ શાસક છો;
કર્તા સૌના, ધારણપોષણકર્તા, સત્યસ્વરૂપ તમે,
આત્મરૂપ હે સૌના સ્વામી! તમને નમીએ આજ અમે.

पूतात्मा परमात्मा च मुक्तानां परमा गतिः ।
अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ॥२॥

Putātma paramātma cha
muktānām paramā gatih;
Avyayah purusha sakshi
kshetrajno(na)kshara eva cha.

ઉદધૃત કરતા શરણમાત્રથી પવિત્ર કરતા પૂર્ણ તમે,
પવિત્ર મુક્તજનોની ગતિ છો, સાક્ષી અવ્યય તેમ તમે;
પરમ પુરુષ છો, શરીરધારી, શરીરમાં વસનાર વળી,
અવિનાશી છો તમે, તમારી કૃપા થકી સૌ જાય તરી.

योगो योगविदां नेता प्रधानपुरुषेश्वरः ।
नारसिंहवपुः श्रीमान् केशवः पुरुषोत्तमः ॥३॥

Yogo yoga-vidam neta
pradhāna purusheshvarah;
Narasimha vapuh shreemān
keshavah purushottamah.

સુખનું સાધન તમે જ કેવળ, યોગીશ્વર સૌના નેતા,
જડચેતનના નાથ તમે છો, પુરુષોત્તમ સૌના જેતા;
નૃસિંહરૂપ તમે ધારેલું, વિભૂતિથી સંપન્ન તમે,

કૃષ્ણરૂપ પુરુષોત્તમ તમને, કરીએ વંદન નાથ અમે.

सर्वः शर्वः शिवः स्थाणुर्भूतादिर्निधिरव्ययः ।
संभवो भावनो भर्ता प्रभवः प्रभुरीश्वरः ॥४॥

Sarvah sharvah shivah sthānuh
bhootādir nidhir avyayah;
Sambhavo bhāvano bharta
prabhavah prabhur ishvarah.

સર્વરૂપ છો, દૃશ્ય વસ્તુને દ્રષ્ટામાં લય કરતા છો,
મંગલ છો ને અવિચળ તેમ જ ભૂતમાત્રના કારણ છો;
અવિનાશી ભંડાર વીર્યના, પોતે પોતાના કર્તા,
ઈશ્વર સ્વામી નાથ તમે છો પ્રણામ બંધનના હર્તા!

स्वयंभूः शम्भुरादित्यः पुष्कराक्षो महास्वनः ।
अनादिनिधनो धाता विधाता धातुरुत्तमः ॥५॥

Svayambhoo shambhur adityah
pushkaraksho mahā-svanah;
Anādi nidhano dhāta
vidhāta dhātur uttamah

વળી સ્વયંભૂ શંકર તેમ જ સૂર્યરૂપ છો વેદ તમે,
કમળનેત્ર ને અનાદિ તેમ જ અંત સર્વના એક તમે;
ધારણકર્તા તેમ વિધાતા શ્રેષ્ઠ તમે બ્રહ્માંડ તણા,
તત્વરૂપ હે દેવ, તમોને પ્રણામ કરીએ અમે ઘણા.

अप्रमेयो हृषीकेशः पद्मनाभोऽमरप्रभुः ।
विश्वकर्मा मनुस्त्वष्टा स्थविष्ठः स्थविरो ध्रुवः ॥६॥

Aprameyo rishikeshah
padmanābho mara-prabhuh;
Vishvakarmā manu-stvastha
sthavishtah sthaviro dhruvah.

સિધ્ધ તમોને કરવા કોઈ નહિ જોઈએ ખરે પ્રમાણ,
ઈન્દ્રિયોના સ્વામી, જગના નાયક, હે દેવોના પ્રાણ!
મનોરૂપ તમ, પદ્મનાભ છો, પૃથ્વીરૂપ તમે જ ખરે,

દૃઢસંકલ્પ, સર્વના સૃષ્ટા તમને ભજતાં સર્વ તરે.

अग्राह्यः शाश्वतः कृष्णो लोहिताक्षः प्रतर्दनः ।
प्रभूतस्त्रिककुब्धाम पवित्रं मङ्गलं परम् ॥७॥

Agrāhyah shāshvatah krishno
lohitākshah pratardanah;
Prabhoota strika kubdhāma
pavitram mangalam param.

બુદ્ધિમનથી અતીત, શાશ્વત, કૃષ્ણરૂપ છો પુનિત તમે,
લાલનેત્રના, ચાબુકપેઠે વશ કરનારા સર્વ તમે;
પ્રભુતાવાળા, ત્રિભુવનવાસી, મંગલથી પણ મંગલ છો,
પ્રેમ કરીને પ્રણામ કરીએ, સ્વીકૃત હે પ્રભુ, પ્રેમે હો!

ईशानः प्राणदः प्राणो ज्येष्ठः श्रेष्ठः प्रजापतिः ।
हिरण्यगर्भो भूगर्भो माधवो मधुसूदनः ॥८॥

Ishānah prānadah prāno
jyeshthah shreshthah prajāpatih;
Hiranya-garbho bhoo-garbho
mādhavo madhusudanah.

તમે નિયંતા પ્રાણ બધાંના, જીવનના દેનારા છો,
સર્વથકી ઉત્તમ ને મોટા, બ્રહ્મા થૈ રે'નારા છો;
હિરણ્યગર્ભ, વળી સૃષ્ટિના સાર તમે તો કેવળ છો,
લક્ષ્મીના સ્વામી, મધુસૂદન, કોટિ પ્રણામ તમોને હો!

ईश्वरो विक्रमी धन्वी मेधावी विक्रमः क्रमः ।
अनुत्तमो दुराधर्षः कृतज्ञः कृतिरात्मवान् ॥९॥

Ishvaro vikramee dhanve
medhāvee vikramah kramah;
Anuttamo duradharshah
krutagnah krutir ātmavan.

પરાક્રમી છો ઈશ્વર, વિક્રમ, ધનુર્ધારી વળી મેધાવી,

જગનો ક્રમ કરનારા, દર્શન દેતા ભકત્તોને તાવી;
કૃતજ્ઞ તમે જ આત્મા સૌના,સર્જનમાં પણ વસનારા,
નમન હજારોવાર તમોને ચરાચરોમાં વસનારા!

सुरेशः शरणं शर्म विश्वरेताः प्रजाभवः ।
अहः संवत्सरो व्यालः प्रत्ययः सर्वदर्शनः ॥१०॥

Suresha sharanam sharma
vishva-retah praja-bhavah;
Aham samvatsaro vyalah
pratyaya sarva-darshanah.

ઇન્દ્રોના પણ ઈન્દ્ર તમે છો, શરણ સર્વના, સુખ કરતા,
પિતા વિશ્વના, લોકરૂપ ને દિવસ વર્ષરૂપે ફરતા;
સર્પ જેમ અગ્રાહ્ય તમે છો, ભાવિકને દર્શન દેતા,
સમદર્શી છો, વંદન તમને ચરાચરોના હે નેતા!

अजः सर्वेश्वरः सिद्धः सिद्धिः सर्वादिरच्युतः ।
वृषाकपिरमेयात्मा सर्वयोगविनिःसृतः ॥११॥

Aja sarveshvara siddhah
siddhi sarvadir achyutah;
Vrishākapiramey atma
sarva-yoga vinih-srutah.

જન્મરહિત છો, ઈશ્વર સૌના, સિદ્ધિ તેમ જ સિધ્ધ તમે,
સર્વ જગતના મૂળતત્વ છો, અવિચળ એવા એક તમે;
અમેય, ધર્મતણા રક્ષક છો, અસંગ કર્મ કરો તોયે,
નિત્યમુક્ત્ત તમને ભજવાથી મેળવશે મુક્તિ કો'યે.

वसुर्वसुमनाः सत्यः समात्माऽसम्मितः समः ।
अमोघः पुण्डरीकाक्षो वृषकर्मा वृषाकृतिः ॥१२॥

Vasurva sumanāh satyah
samatmā sammita samah;
Amoghah pundaree-kāksho
vrusha-karma vrusha-krutih.

વસ્યા સર્વમાં, ઉદાર મનના, સત્ય સમાન સદાયે છો,
એક જ સરખા, અમોઘ તેમ જ કમળનેત્ર ને ધાર્મિક છો;
ધર્મરૂપ છો, ધર્મસ્થાપના કરવાને સાકાર બનો,
ધર્મમાર્ગથી ચાલે તેનાં સંકટ તેમ જ ક્લેશ હણો.

रुद्रो बहुशिरा बभ्रुर्विश्वयोनिः शुचिश्रवाः ।
अमृतः शाश्वत स्थाणुर्वरारोहो महातपाः ॥१३॥

Rudro bahushira babhruh
vishva-yoni shuchi-shravah;
Amrita shashvatah stanuh
vararoho maha-tapah.

રુદ્રરૂપ ને વિશ્વરૂપ છો, પોષક સૌના મૂળ તમે,
શ્રવણ કર્યે ગુણગાન તમારા પવિત્રતામાં ભકત રમે;
અમૃત જગનું તમે નિત્યપદ, સુંદર અંગોવાળા ઈશ,
મહાતપસ્વી, ચરણ તમારે અમે નમાવીએ નિજ શીશ!

सर्वगः सर्वविद्भानुर्विष्वक्सेनो जनार्दनः ।
वेदो वेदविदव्यङ्गो वेदाङ्गो वेदवित् कविः ॥१४॥

Sarvaga sarva-vidbhanuh
vishva-kseno janardanah;
Vedo veda-vidha-vyango
vedango veda-vit-kavih.

ઓતપ્રોત અવનિમાં, સૌને જાણો તેમ જ તેજ ધરો,
તમે વિજયના સ્વામી છો, ને તમે જનાર્દન તાપ હરો;
વેદરૂપ છો, વેદ જાણતા,જ્ઞાન થકી સંપન્ન ખરે,
અંગ વેદનાં, અનાદિ કવિ હે, સ્મરણ તમારું શું ન કરે?

लोकाध्यक्षः सुराध्यक्षो धर्माध्यक्षः कृताकृतः ।
चतुरात्मा चतुर्व्यूहश्चतुर्दंष्ट्रश्चतुर्भुजः ॥१५॥

Lokā-dhyaksha surā-dhyaksho
dharmā-dhyakshah krutā-krutah;
Chatur-ātmā chatur-vyooha

chatur-damshtrah chatur-bhujah.

જગના જીવન, ધર્મદેવના પાલક, હે સૌના સ્વામી,
કાર્ય તેમ કારણરૂપ સૌના બુદ્ધિમાન વળી છો નામી
જાગૃતિસ્વપ્નસુષુપ્તિતુર્યા તમે ચારમાં વ્યાપક છો,
ચતુર્ભુજ છો લય કરનારા, પ્રેમ કર્યાથી ચાહક હો.

भ्राजिष्णुर्भोजनं भोक्ता सहिष्णुर्जगदादिजः ।
अनघो विजयो जेता विश्वयोनिः पुनर्वसुः ॥१६॥

Bhrājishnur bhojanam bhokta
sahishnur jagadādijah;
Anagho vijayo jeta
vishva-yonih punar-vasuh.

સર્વપ્રકાશક, ભોજનપેઠે,તૃપ્તિ સૌને ધરનારા,
ભોકતા તમે સહિષ્ણુ, વિજયી, શુધ્ધ, દોષને હરનારા;
જગના કેવલ કારણ, દેહી,પૂરણ પ્રકૃતિના સ્વામી,
નમસ્કાર હો અનંત તમને, પ્રાણ રહો તમને પામી!

उपेन्द्रो वामनः प्रांशुरमोघः शुचिरूर्जितः ।
अतीन्द्रः संग्रहः सर्गो धृतात्मा नियमो यमः ॥१७॥

Upendro vamanah prāmshur
amogha shuchir urjitah;
Ateendra sangrahah sargo
dhrutatma niyamo yamah.

ઈન્દ્ર તેમ વામનરૂપી છો, વિરાટ તેમ અમોઘ તમે,
પવિત્ર તેમ મહાન દિવ્ય છો, ઈન્દ્રિયોથી શ્રેષ્ઠ તમે;
શક્તિના સંગ્રહ ને સૃષ્ટા, આ જગના ધારણ કરતા,
યમ ને નિયમરૂપી હે સ્વામી, થાવ તમે બંધનહરતા!

वेद्यो वैद्यः सदायोगी वीरहा माधवो मधुः ।
अतीन्द्रियो महामायो महोत्साहो महाबलः ॥१८॥

Vedyo vaidya sadā yogi
veerahā mādhavo madhuh;

Ateendriyo maha-mayo
mahotsāho mahā-balah.

યોગીવર છો, જ્ઞાનજ્ઞેય છો, વેદ્ય વળી ભવરોગતણા,
વીરોને હણનારા, માધવ,મધુમય પ્રીતમ ભક્તતણા;
ઈન્દ્રિયોથી અતીત તેમ જ સાગર છો આનંદતણા,
માયારૂપ સશક્ત તમોને સ્મરતાં મંગલ થતાં ઘણાં!

महाबुद्धिर्महावीर्यो महाशक्तिर्महाद्युतिः ।
अनिर्देश्यवपुः श्रीमानमेयात्मा महाद्रिधृक् ॥१९॥

Mahā-buddhir-mahā-veeryo
mahā-shaktir-mahā-dyuthih;
Anirdeshya vapuh-shreeman
ameyatma mahā dridhrut.

પરાક્રમી ને તેજસ્વી છો, મોટામાં મોટી શક્તિ,
બુદ્ધિસાગર, વૈભવવાળા, કૃપા કરો કરતાં ભક્તિ;
વિરાટદેહી, મોટા મોટા પર્વતને ધારણ કરતા,
અમાપ બુદ્ધિવાળા, તમને પ્રણામ હે સંકટહરતા !

महेष्वासो महीभर्ता श्रीनिवासः सतां गतिः
अनिरुद्धः सुरानन्दो गोविन्दो गोविदां पतिः ॥२०॥

Maheshvāso mahee-bharta
shreenivasah satām gatih;
Aniruddha surānando
govindo govidām patih.

તમે ધનુર્ધર પતિ પૃથ્વીના, લક્ષ્મીના આધાર ખરે,
સંતજનોની કેવલ ગતિ છો, પૂરણ વ્યાપક સર્વ સ્થળે;
દેવોને આનંદરૂપ છો, ઈન્દ્રિયોના નાથ તમે,
યોગી જ્ઞાનીના પણ સ્વામી, તમને નમીયે આજ અમે.

मरीचिर्दमनो हंसः सुपर्णो भुजगोत्तमः ।
हिरण्यनाभः सुतपाः पद्मनाभः प्रजापतिः ॥२१॥

Mareechir damano hamsah

suparno bhujag uttamah;
Hiranya-nābhah sutapāh
padmanābhah prajāpatih.

તમે સૂર્યના સૂર્ય, હંસ ને સૌનેયે દમનારા છો,
જીવ ઈશરૂપી પંખી ને શેષનાગ પણ સાચે છો;
હિરણ્યગર્ભ તપસ્વી તેમ જ પદ્મનાભ તમને જ કહ્યા,
પ્રજાપતિ તમ, શરણ તમારે આ સર્વે છે લોક રહ્યા.

अमृत्युः सर्वदृक् सिंहः सन्धाता सन्धिमान् स्थिरः ।
अजो दुर्मर्षणः शास्ता विश्रुतात्मा सुरारिहा ॥२२॥

Amrityuh sarvadruk simhah
sandhāta sandhimān sthirah;
Ajo durmarshana shāsta
vishrutātma surārihā.

અવિનાશી છો સૌના દ્રષ્ટા, આત્મારૂપી સિંહ તમે,
જગના ધાતા નિજ ભક્તોને તારી દેતા દેવ તમે;
અવિકારી ને અજ છો તેમ જ પરમપ્રતાપી શાસક છો,
પ્રસિધ્ધ ખુબ જ, પરમાત્મા હે, વિરહદુઃખના નાશક હો!

गुरुर्गुरुतमो धाम सत्यः सत्यपराक्रमः ।
निमिषोऽनिमिषः स्रग्वी वाचस्पतिरुदारधीः ॥२३॥

Gurur guru-tamo dhama
satyah satya parākramah;
Nimisho-nimisha srugvee
vāchaspatir udaradheeh.

ગુરુના ગુરુ ભવતારક ને વળી તમે જ અક્ષયધામ ખરે,
પરમસત્ય ને તમે પરાક્રમ તમને ભાવે ભક્ત મળે;
કાળરૂપ છો, સુંદર માળા કંઠમહીં ધારણ કરતા,
પ્રસન્ન હો, હે પ્રભુ પરમાત્મા, શોકભેદભયના હરતા!

अग्रणीर्ग्रामणीः श्रीमान् न्यायो नेता समीरणः ।
सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात् ॥२४॥

Agraneer gramanee shreemān
nyāyo netā sameeranah;
Sahasra-moordhā vishvātma
sahasrākshah saha-srapāt.

સૌના આગેવાન તમે છો, તેમ સમષ્ટિરૂપ થયા,
વિભૂતિવાળા, ન્યાયી, નેતા, પ્રાણરૂપ તમને જ કહ્યા;
હજાર પદ ને મસ્તક લોચનવાળા મંગલ વિશ્વાત્મા,
કૃપા કરી દો તમને દેખે લોચન મારાં પરમાત્મા!

आवर्तनो निवृत्तात्मा संवृतः संप्रमर्दनः ।
अहः संवर्तको वह्निरनिलो धरणीधरः ॥२५॥

Avartano nivrutātma
samvruta sampra-mardanah;
Aha-samavartako vahnih
anilo dharanee-dharah.

ફરીફરીને પ્રકટ થનારા, શાંત છતાં માયામય છો,
હણનારા અજ્ઞાનતિમિરને, દિનના સ્વામી હે પ્રભુ છો;
વૈશ્વાનર ને વાયુરૂપ છો, ધરતી ને ધારણ કરતા,
કૃપા કરી દો અમ પર આજે, હે સંકટબંધનહરતા!

सुप्रसादः प्रसन्नात्मा विश्वधृग्विश्वभुग्विभुः ।
सत्कर्ता सत्कृतः साधुर्जह्नुर्नारायणो नरः ॥२६॥

Su-prasādah prasan-ātma
vishva srudvishva-bhug vibhuh;
Satkartā satkruta-sadhuh
jahnur-nārāyano narah.

પ્રસન્નતા ને કૃપારૂપ છો, વિશ્વતણા ધારણ કરતા,
વ્યાપક તેમ જ ભોક્તા જગના, સત્ય જગતના છો કર્તા;
સરળ તેમ સુકૃત કરનારા, નાશક સૌના સત્ય તમે,
નરનારાયણરૂપે પ્રકટયા, હે પ્રભુ, નમીયે ખૂબ અમે.

असंख्येयोऽप्रमेयात्मा विशिष्टः शिष्टकृच्छुचिः ।
सिद्धार्थः सिद्धसंकल्पः सिद्धिदः सिद्धिसाधनः ॥२७॥

Asankhyeyo prameyātma
vishishta shishta-kruchuchih;
Siddharthah siddha-sankalpah
siddhidah siddhi-sadhanah.

અનંત તેમ અમાપ તમે છો, દુર્જનને સજ્જન કરતા,
સર્વશ્રેષ્ઠ ને પવિત્ર તેમ જ શુભ સિદ્ધાર્થ તમે ધરતા;
સિદ્ધકામને સિદ્ધિ દેતા, સિદ્ધિથી મળનારા છો,
અનંત વંદન હજો તમોને, મંગલના કરનારા છો!

वृषाही वृषभो विष्णुर्वृषपर्वा वृषोदरः ।
वर्धनो वर्धमानश्च विविक्तः श्रुतिसागरः ॥२८॥

Vrishāhee vrishabho vishnuh
vrusha-parvā vrusho-darah;
Vardhano vardhamānascha
vivikta shruti-sāgarah.

ધર્મપરાયણ, વહન કરો છો, તમે બધો સંસાર ખરે,
ધર્મતણાં સોપાન ચઢયાથી ભક્તો તમને પ્રાપ્ત કરે;
ધર્મમૂળ છો જ્ઞાનપ્રેમને વધારનારા જગમાં છો,
વેદરૂપ છો, ત્યાગી જેવા, પ્રભુજી, અમને મંગલ હો!

सुभुजो दुर्धरो वाग्मी महेन्द्रो वसुदो वसुः ।
नैकरूपो बृहद्रूपः शिपिविष्टः प्रकाशनः ॥२९॥

Subhujo durdharo vagmee
mahendro-vasudho vasuh;
Naika-roopo bruhad-roopah
shipi-vishtah prakāshanah.

કષ્ટસાધ્ય ને વીર તમે છો, ઉત્તમ વક્તા એક તમે,
ઈન્દ્રોના પણ ઈન્દ્ર, ધનંજય, સુખના દાતા પૂર્ણ તમે;
બહુરૂપી ને વિરાટ છો ને આત્મારૂપ પ્રકાશો છો,

યજ્ઞમહીં બલિરૂપ તમે તો, સૌના હૈયે હાસો છો.

ओजस्तेजोद्युतिधरः प्रकाशात्मा प्रतापनः ।
ऋद्धः स्पष्टाक्षरो मन्त्रश्चन्द्रांशुर्भास्करद्युतिः ॥३०॥

Ojas-tejo dyuti-dharah
prakāshatma pratāpanah;
Bhuddhah-spashtaksharo mantrah
chandrāmshur-bhāskara-dyutih.

ઓજસ તેજ કાંતિના સ્વામી પ્રકાશ સૌને દેનારા,
દુષ્ટોને મારીને સુખ ને સિદ્ધિ સૌને દેનારા;
પ્રણવરૂપ ને મંત્રરૂપ છો, ચંદ્ર જેમ અમૃતમય છો,
સૂર્ય સમાન મહાતેજસ્વી, કોટિ પ્રણામ તમને હો!

अमृतांशूद्भवो भानुः शशबिन्दुः सुरेश्वरः ।
औषधं जगतः सेतुः सत्यधर्मपराक्रमः ॥३१॥

Amritam-shoodbhavo bhānuh
shasha-bindhu-sureshvarah;
Aushadham jagatah setuh
satya-dharma parakramah.

અમૃતમય કરનારા, અમૃત, સૂર્ય તેમ છો ચંદ્રપ્રકાશ,
વળી સુરેશ્વર ભયના ઔષધ ,સેતુ તમે ભવજળના ખાસ;
સત્ય ધર્મ ને વીર્ય મૂર્તિ છો, ચમત્કારથી પૂર્ણ તમે,
વિશ્વદેવ તમને નેહેથી નમીયે લાખોવાર અમે!

भूतभव्यभवन्नाथः पवनः पावनोऽनलः ।
कामहा कामकृत्कान्तः कामः कामप्रदः प्रभुः ॥३२॥

Bhoota-bhavya bhavannāthah
pavanah pāvano-analah;
Kāmaha-kāma-krutkāntah
kāmah kāma-pradah prabhuh.

ભૂતભાવિના નાથ વાયુરૂપ, પાવન સ્વામી કામતણા,
માયાના નાશક છો અગ્નિ, ભર્યા કામના કાન્ત ઘણા;

ઈચ્છા પૂરી કરનારા છો, કામરૂપ સાચે જ તમે,
પ્રભુજી, તમને પ્રેમ કરીને, નમીયે લાખોવાર અમે!

युगादिकृद्युगावर्तो नैकमायो महाशनः ।
अदृश्यो व्यक्तरूपश्च सहस्रजिदनन्तजित् ॥३३॥

Yugādi-krud yuga-varto
naika-māyo mahā-shanah;
Adrushyo vyakta-roopa schha
sahasra jid ananta jit.

યુગના કર્તા, યુગના ધારક, અનેકવિધ માયાભરિયા,
જગના નાશક, નિર્વિકાર ને નિરાકાર સુખના દરિયા;
હજાર દૈત્યોના છો જેતા, માયાના પણ છો સ્વામી,
નમીએ તમને પ્રેમ કરીને ખૂબ ખૂબ હે બહુનામી!

इष्टोऽविशिष्टः शिष्टेष्टः शिखण्डी नहुषो वृषः ।
क्रोधहा क्रोधकृत्कर्ता विश्वबाहुर्महीधरः ॥३४॥

Ishto-vishishta shishte-shtah
shikhandee nahusho vrushah;
Krodhahā krodha-krutkarta
vishva-bāhur maheedharah.

ઈષ્ટ સર્વના, વિશિષ્ટ સૌમાં, પંડિતના પણ ઈષ્ટ તમે,
અખંડવ્યાપક વળી મહીધર, કેમ નહીં ભજીએ જ અમે;
માયાજાળમહીં આ જગને પકડનાર માછી જેવા,
ક્રોધનાશ કરનારા, નમીયે, ઈચ્છા પૂર્ણ કરો એવા!

अच्युतः प्रथितः प्राणः प्राणदो वासवानुजः ।
अपांनिधिरधिष्ठानमप्रमत्तः प्रतिष्ठितः ॥३५॥

Achyutah-prathitah prānah
prānado vāsav ānujah;
Apāmnidhir adishthānam
apramattah pratishthitah.

અવિનાશી ને પ્રસિધ્ધ તેમ જ પ્રાણ, જગતના જીવન છો,
પ્રાણ સર્વને દેનારા ને વામનરૂપ તમે પ્રભુ છો;
સાગરરૂપ, સર્વના આશ્રય, સંયમપૂર્ણ પ્રતિષ્ઠત છો,
સ્વાર્થરહિત હે પ્રભો! સહુને સદાય માટે મંગલ છો.

स्कन्दः स्कन्दधरो धुर्यो वरदो वायुवाहनः ।
वासुदेवो बृहद्भानुरादिदेवः पुरन्दरः ॥३६॥

Skandah sanda-dharo dhuryo
varado vāyu-vāhanah;
Vāsudevo bruhad bhanuh
adidevah purandarah.

કાર્તિકસ્વામી, ધર્મધુરંધર, વરદ, વિશ્વને ધરનારા,
વાયુસમા વેગીલા, તેમ જ વાસુદેવ, મધુ હસનારા;
વિરાટ, સૂર્યસમા તેજસ્વી, આદિદેવ છો એક તમે,
દેહનગરના વસનારા હે, પ્રણામ કરીયે આજ અમે!

अशोकस्तारणस्तारः शूरः शौरिर्जनेश्वरः ।
अनुकूलः शतावर्तः पद्मी पद्मनिभेक्षणः ॥३७॥

Ashokas tāranas tarah
shoorah-shourir janeshvarah;
Anukulah shatāvartah
padmee padma-nibhekshanah.

શોકરહિત ને તારક તેમ જ, એકતાર સૌની સાથે,
શૂર તેમ અનુકૂળ, શૂરમાં શ્રેષ્ઠ, જનેશ્વર છો સાચે;
ધર્મકાજ અવતારો લેતા, બ્રહ્મા પદ્માસીન તમે,
કમળ નેત્ર હે, પ્રણામ કરીયે, તમને લાખોવાર અમે !

पद्मनाभोऽरविन्दाक्षः पद्मगर्भः शरीरभृत् ।
महर्द्धिरृद्धो वृद्धात्मा महाक्षो गरुडध्वजः ॥३८॥

Padmanābho ravindākshah
padma-garbha-sharerabhrut;
Mahārdhibhooddho vruddhātma
mahāksho garuda-dhvajah.

પદ્મનાભ ને મધુરનેત્ર છો, શરીરનું પોષણ કરતા,
હૃદયકમળના વાસી તેમ જ સમૃધ્ધિ લક્ષ્મી ધરતા;
આદિપુરુષ તમે છો, તેમ જ દ્રષ્ટા સૌના સિધ્ધ તમે,
અને ગુરૂડને વશ કરનારા, નમીયે વારંવાર અમે!

अतुलः शरभो भीमः समयज्ञो हविर्हरिः ।
सर्वलक्षणलक्षण्यो लक्ष्मीवान् समितिञ्जयः ॥३९॥

Atulah-sharabho bheemah
sama-yagno havir-harih;
Sarva lakshana lakshanyo
lakshmeevān samitin-jayah.

અનન્ય તોયે અનેકરૂપે વિભક્ત બનતાં વસનારા,
તમે ભયંકર, સમય ઓળખી યોગ્ય કર્મને કરનારા;
સંકટ ભક્તોનાં હરનારા, સર્વલક્ષ્યનું લક્ષ્ય તમે,
લક્ષ્મીવાળા હે, રણવિજયી, નમીયે લાખોવાર અમે !

विक्षरो रोहितो मार्गो हेतुर्दामोदरः सहः ।
महीधरो महाभागो वेगवानमिताशनः ॥४०॥

Viksharo rohito margo
hetur-dāmodara sahah;
Mahidharo mahābhago
vegavāna-mitāshanah.

મત્સ્યાવતાર, અવિનાશી છો, સદગતિ, સૌના કારણ છો,
દામોદર ને સહનશીલ છો, ધરતીધર, બડભાગી છો;
વેગવાન ને પ્રલયંકર છો, અહંકારના છો ભોગી;
નમસ્કાર તમને હે ઈશ્વર, હે યોગીના પણ યોગી!

उद्भवः क्षोभणो देवः श्रीगर्भः परमेश्वरः ।
करणं कारणं कर्ता विकर्ता गहनो गुहः ॥४१॥

Udbhavah kshobhano devah
shree-garbhah parameshvarah;
Karanam kāranam karta

vikartā gahano guhah.

અનંત બ્રહ્માંડોના સૃષ્ટા, પ્રકૃતિમાં કરનાર ક્રિયા,
દેવ સર્વને ધારણ કરતા, પરમેશ્વર કારણ સહુના;
હૃદય સર્વના, કર્તા તેમજ, વિકૃતિ કરતા પરમાત્મા,
ગહન, ગુપ્ત રહેનારા, તમને વંદીએ હે વ્યાપક આત્મા!

व्यवसायो व्यवस्थानः संस्थानः स्थानदो ध्रुवः ।
परर्द्धिः परमस्पष्टस्तुष्टः पुष्टः शुभेक्षणः ॥४२॥

Vyavasāyo vyavasthānah
samsthānah sthānado dhruvah;
Parardhih parama-spashta
stushtah pushtah-shubhe kshanah.

વ્યવસાયી છો, વળી વ્યવસ્થા કરનારા, સૌનાય નિવાસ,
ભક્તજનોને પદ દેનારા, ધ્રુવ છો નાથ જગતના ખાસ;
પરમ તેમ છો પ્રકટ ભક્તને, પૂર્ણકામ સંપન્ન વળી,
પ્રેમદૃષ્ટિ છો, તમને ભજતાં ભક્તો ભવને જાય તરી.

रामो विरामो विरतो मार्गो नेयो नयोऽनयः ।
वीरः शक्तिमतां श्रेष्ठो धर्मो धर्मविदुत्तमः ॥४३॥

Ramo virāmo virato
mārgo neyo nayo-nayah;
Veerah-shaktimatam shreshto
dharmo dharma-viduttamah.

રામરૂપ છો વિરામ સૌના, વિરત, માર્ગ છો મંગલના,
પ્રેમયોગ્ય ને આત્પકામ છો, વીર, વીરમાં શ્રેષ્ઠ ઘણા;
ધર્મરૂપ ને ધર્મ જાણતા, સર્વેમાં ઉત્તમ પણ છો,
નમસ્કાર તમને હે પ્રભુજી! સૌમાંયે સુંદર પણ છો.

वैकुण्ठः पुरुषः प्राणः प्राणदः प्रणवः पृथुः ।
हिरण्यगर्भः शत्रुघ्नो व्याप्तो वायुरधोक्षजः ॥४४॥

Vaikunthah purushah prānah

prānadah pranavah pruthuh;
Hiranya-garbha shatrughno
vyapto vayur-adhokshajah.

તમે દિવ્ય વૈકુંઠ કહ્યા છો, પુરુષરૂપ છો પ્રાણ તમે,
ચેતનદાતા પ્રણવરૂપ છો, વ્યાપક, નમીયે આજ અમે;
દ્રષ્ટા દૃશ્યરૂપે રે'નારા, દુશ્મનને હણનાર તમે,
વાયુતત્વ છો, અધમજનોને ઉત્તમપદ દેનાર તમે.

ऋतुः सुदर्शनः कालः परमेष्ठी परिग्रहः ।
उग्रः संवत्सरो दक्षो विश्रामो विश्वदक्षिणः ॥४५॥

Rutu-sudarshanah-kalah
parameshthi parigrahah;
Ugra-samvatsaro daksho
vishramo vishva-dakshinah.

વળી સુદર્શન કામરૂપ છો, ઋતુના રૂપે તમે રહ્યા,
સૌનુંયે મંગલ ચાહનારા, સંગ્રહરૂપ તમે જ કહ્યા;
તેજસ્વી ને વર્ષરૂપ છો, તમે એકતારૂપ રહ્યા,
દક્ષ, વિરામ બધાંના, જગની રચનામાં નિષ્ણાત કહ્યા.

विस्तारः स्थावरस्थाणुः प्रमाणं बीजमव्ययम् ।
अर्थोऽनर्थो महाकोशो महाभोगो महाधनः ॥४६॥

Vistarah sthavara sthanuh
pramānam beejam avyayam;
Artho-anartho mahā-kosho
mahā-bhogo mahā-dhanah.

(અનુષ્ટુપ)
વિસ્તર્યા જગમાં દેવ, તમે સ્થાવરજંગમે,
પ્રમાણરૂપ છો બીજ વિશ્વનું, સ્તવિયે અમે;
અર્થ તેમ અનર્થોના નાથ, કોશમહીં રહ્યા,
ભોગી છો, ધન છો શ્રેષ્ઠ, સાર સંસારના કહ્યા.

अनिर्विण्णः स्थविष्ठोऽभूर्धर्मयूपो महामखः ।
नक्षत्रनेमिर्नक्षत्री क्षमः क्षामः समीहनः ॥४७॥

Anirvinnah sthavishto bhooh
dharma-yoopo mahā-makhah;
Nakshatra-nemir-nakshatree
kshamah kshā-sameehanah.

ઉત્સાહી છો વળી સ્થાયી, અજન્મા, ધર્મસ્થંભ છો,
યજ્ઞરૂપ તમે તેમ ધ્રુવ-નક્ષત્ર દિવ્ય છો;
પૃથ્વી-ચંદ્ર તમે તેમ ક્ષમાશીલ સદાય છો,
ક્રિયાવાન છતાં આત્મા-નંદે મગ્ન બનેલ છો.

यज्ञ इज्यो महेज्यश्च क्रतुः सत्रं सतां गतिः ।
सर्वदर्शी विमुक्तात्मा सर्वज्ञो ज्ञानमुत्तमम् ॥४८॥

Yagna ijyo mahejyashcha
kratuh-satram satām-gatih;
Sarva-darshee vimukt ātma
sarvajno jnānam uttamam.

જપયજ્ઞ તમે પૂજ્ય, સર્વથી પૂજ્ય છો તમે,
યજ્ઞકર્તા વળી સંત ભક્ત રક્ષક છો તમે!
સંતોની ગતિ છો સાચી, સર્વદર્શી તમે વળી
સર્વજ્ઞ મુક્ત ને જ્ઞાન; ભક્તનાં દુઃખ લો હરી!

सुव्रतः सुमुखः सूक्ष्मः सुघोषः सुखदः सुहृत् ।
मनोहरो जितक्रोधो वीरबाहुर्विदारणः ॥४९॥

Suvrata-sumukha-sookshmah
sughosha-sukhada-suhrut;
Manoharo jita-krodho
veer bahur vidaranah.

ભક્તોનાં સુખને માટે વ્રત લેનાર સુંદર,
સૂક્ષ્મ ને સુખ દેનારા, નાદરૂપ મનોહર;
મિત્ર સૌનાય, અક્રોધી, વીર છો દુષ્ટનાશક,

નમસ્કાર તમોને હો વિશ્વના હે નિયામક!

स्वापनः स्ववशो व्यापी नैकात्मा नैककर्मकृत् ।
वत्सरो वत्सलो वत्सी रत्नगर्भो धनेश्वरः ॥५०॥

Swāpanah svavasho vyāpee
naikātma naika-karmakrut;
Vatsaro vatsalo vatsee
ratnagarbho dhaneshvarah.

જ્ઞાનનિંદ્રામહીં સૂતા છો સ્વતંત્ર સદા તમે,
વ્યાપક વિશ્વમહીં ધામ, રૂપ કૈં કૈં ધર્યાં તમે;
અનેક કર્મોના કર્તા, પ્રેમી ને ભક્ત વત્સલ,
સમુદ્રરૂપ, લક્ષ્મીના પતિ છો પ્રભુ નિર્મળ.

धर्मगुब्धर्मकृद्धर्मी सदसत्क्षरमक्षरम् ।
अविज्ञाता सहस्रांशुर्विधाता कृतलक्षणः ॥५१॥

Dharma-gub dharma-krut dharmee
sada satksharam aksharam;
Avignata sahasramshur
vidhātā kruta-lakshanah.

ધર્મતણા સ્થાપક ને રક્ષક, ધર્મી તેમ વિધાતા છો,
અને વિનાશી અવિનાશી ને સત્યાસત્ય જગતમાં છો;
જીવરૂપ અજ્ઞાનભર્યા છો, તેમ સૂર્યરૂપે પણ છો,
કૈંક ચિહ્નના ધારણ કરતા હે પ્રભુ, અમને મંગલ દો!

गभस्तिनेमिः सत्त्वस्थः सिंहो भूतमहेश्वरः ।
आदिदेवो महादेवो देवेशो देवभृद्गुरुः ॥५२॥

Gabhasti-nemih satva-sthah
simho bhoota-maheshvarah;
Adi-devo mahā-devo
devesho deva-bhrudguruh.

કિરણ સમાન પ્રકાશિત કરતા, સિંહ, સર્વના શાસક છો,
ભૂતમાત્રના ઉત્તમ ઈશ્વર, આદિદેવ પણ આપ જ છો;

મહાદેવ, દેવેશ, દેવગુરુ, દેવોના જીવનદાતા,
નમસ્કાર તમને હે મંગલ, પ્રભુજી મંગલના દાતા!

उत्तरो गोपतिर्गोप्ता ज्ञानगम्यः पुरातनः ।
शरीरभूतभृद्भोक्ता कपीन्द्रो भूरिदक्षिणः ॥५३॥

Uttaro gopatir-gopta
jnāna-gamyah purātanah;
Shareera-bhoota-bhrud-bhoktā
kapeendro bhoori-dakshinah.

ભવસાગરથી ઉગારનારા, ઈન્દ્રિયોના છો સ્વામી,
રક્ષક સૌના, જ્ઞાનગમ્ય છો, વળી પુરાતન બહુનામી;
શરીરના સ્વામી ને પોષક, દ્રષ્ટા ભોક્તા તેમ વળી,
અનંતધન છો, નાથ કપિના, નમીએ તમને ફરીફરી!

सोमपोऽमृतपः सोमः पुरुजित्पुरुसत्तमः ।
विनयो जयः सत्यसंधो दाशार्हः सात्त्वतांपतिः ॥५४॥

Somapo amrutapa-somah
purujit-puru-sattamah;
Vinayo-jaya-satya-sandho
dasharhah satvatampatih.

અમૃત તેમ જ સોમરસતણા પીનારા ને ચંદ્ર તમે,
દેહનગરને જીતી લેતા જ્ઞાનથકી છો વીર તમે;
વિશ્વરૂપ છો, વિનયી, વિજયી, કૃષ્ણ વળી છો સત્યપ્રતિજ્ઞ,
ભક્તોના પ્રભુ, કૃપા કરી દો, મહિમાથી છું ખરે અભિજ્ઞ.

जीवो विनयिता साक्षी मुकुन्दोऽमितविक्रमः
अम्भोनिधिरनन्तात्मा महोदधिशयोऽन्तकः ॥५५॥

Jeevo vinayita sakshee
mukundo mita vikramah;
Ambho-nidhir anantātmā
mahodadhi-shayontakah.

જીવ તમે છો, પ્રેમભાવને જોનાર અંતર્યામી,
મુક્તિના દેનારા, રસના સિંધુ, નટવર, બહુકામી;
અનંત આત્મા,અંતક સૌના, અશાંતિના હે હરનારા!
શાંતિતણા સાગરમાંહે છો શયન તમે તો કરનારા!

अजो महार्हः स्वाभाव्यो जितामित्रः प्रमोदनः ।
आनन्दो नन्दनो नन्दः सत्यधर्मा त्रिविक्रमः ॥५६॥

Ajo mahārhah svabhavyo
jitā-mitrah pramodanah;
Anando nandano nandah
satya-dharma tri-vikramah.

અજ ને પૂજ્ય મહાન તમે છો, સ્વેચ્છાથી જ પ્રકટનારા,
દુષ્ટવૃત્તિના તમે વિજેતા, પરમ હર્ષના ધરનારા;
ત્રિલોકમાં વસનારા તેમ જ નંદ તમે આનંદ થયા,
સત્યધર્મપાલક હે, મારા હૈયામાં હો તમે રહ્યા!

महर्षिः कपिलाचार्यः कृतज्ञो मेदिनीपतिः ।
त्रिपदस्त्रिदशाध्यक्षो महाशृङ्गः कृतान्तकृत् ॥५७॥

Maharshih kapilacharyah
krutajno medineepatih;
Tripadastri dashadhyakshah
mahā-shringah krutānta krut.

કપિલ મહર્ષિ તમે થયા છો, કૃતજ્ઞ, પૃથ્વીના પતિ છો,
ત્રિલોકવાસી, ત્રણે દશાના નાથ, કાળના કાળ જ છો;
મત્સ્યરૂપમાં અહંકારનાં શુંગ ધરીને ફરનારા,
અહંકારને ટાળો, કાપો બંધન, બંધન હરનારા!

महावराहो गोविन्दः सुषेणः कनकाङ्गदी ।
गुह्यो गभीरो गहनो गुप्तश्चक्रगदाधरः ॥५८॥

Mahā-varāho govindah
sushenah kanakāngadee;
Guhyo gabheero gahano
guptash chakra gadādharah.

વરાહરૂપી, બ્રહ્મજ્ઞાનથી જ્ઞેય તમે ગોવિંદ ખરે,
સદગુણસેનાવાળા, અંગદ, સોનાના ધરનાર, હરે!
ગુપ્ત બધાથી, ગંભીર છો, ને ગહન તમારું રૂપ ખરે,
ચક્રગદાધર, કૃપા કરી દો, દર્શન તો તો દિવ્ય મળે.

वेधाः स्वाङ्गोऽजितः कृष्णो दृढः संकर्षणोऽच्युतः ।
वरुणो वारुणो वृक्षः पुष्कराक्षो महामनाः ॥५९॥

Vedhāh-svango jitah-krishno
dridha-sankarshano chyutah;
Varuno vāruno vrukshah
pushkarāksho mahā-manāh.

ધારક સૌના, સ્વાંગ ધારતા અજીત, કૃષ્ણ છો તમે કહ્યા,
આકર્ષણ કરનારા સૌને, દૃઢ ને અચળ સદાય રહ્યા;
વરુણરૂપ છો, અગસ્ત્ય છો, ને આ જગરૂપી વૃક્ષ તમે,
કમળનેત્ર! હે ઉદાર મનના! નમીયે વારંવાર અમે!

भगवान् भगहाऽऽनन्दी वनमाली हलायुधः ।
आदित्यो ज्योतिरादित्यः सहिष्णुर्गतिसत्तमः ॥६०॥

Bhagavān bhagāh anandi
vanamali hala-ayudhah;
Adityo jyotir-adityah
sahishnur-gati-sattamah.

લક્ષ્મીયશવૈરાગ્યધર્મ - ઐશ્વર્યમોક્ષવાળા ભગવાન,
સુખદ, સહિષ્ણુ, દુર્ગુણનાશક, જગવનમાળી છો ગુણવાન;
વામન ને બલદેવરૂપ ને સૂર્યથકીય પ્રકાશિત છો,
ઉત્તમ ગતિ છો સૌની, અમને ઉત્તમ ગતિ દેનારા હો!

सुधन्वा खण्डपरशुर्दारुणो द्रविणप्रदः ।
दिवःस्पृक् सर्वदृग्व्यासो वाचस्पतिरयोनिजः ॥६१॥

Sudhanvā khanda-parashur
daruno drāvinah pradah;
Divi-spruk sarva drug vyāso

vāchaspatira yonijah.

પરશુરામ છો, સુધન્વા તમે, ઉગ્ર તેમ ધનના દાતા,
સ્વર્ગ તેમ સઘળે વ્યાપેલા, વ્યાસ સર્વના છો જ્ઞાતા;
સ્વયંભૂ વળી વાણીના છો દેવ તમે હે પરમાત્મા,
પ્રેમ કરીને નમીયે તમને, પ્રેમસિંધુ હે પરમાત્મા!

त्रिसामा सामगः साम निर्वाणं भेषजं भिषक् ।
संन्यासकृच्छमः शान्तो निष्ठा शान्तिः परायणम् ॥६२॥

Trisāma sāmaga-sāmah
nirvānam bheshajam bhishak;
Sanyāsa krutchhamah shanto
nishthā-shāntih parāyanam.

ગાયત્રી ને પ્રણવરૂપ છો, સામવેદના ગાનારા,
સામવેદ, કૈવલ્ય તમે છો, ભવનું ઔષધ પાનારા;
ભવાટીની દવા, શાંતિ ને શાંત તમે નિષ્ઠાવાળા,
નિર્વિકાર ને ત્યાગી તમને નમીયે અમૃત પાનારા!

शुभाङ्गः शान्तिदः स्रष्टा कुमुदः कुवलेशयः ।
गोहितो गोपतिर्गोप्ता वृषभाक्षो वृषप्रियः ॥६३॥

Shubhānga-shāntida srushta
kumudah kuvaleshayah;
Gohito gopatir-gopta
vrusha-bhāksho vrusha-priyah.

શાંતિ આપતા સુંદર તેમજ આ જગના સર્જનકરતા,
કુમુદસમાન સુવાસિત, રક્ષક, ઈન્દ્રિયોના હિતકરતા;
શેષ, નાથ જીવનના, તેમ જ તમે દીર્ઘદૃષ્ટિવાળા,
ધર્મપ્રાણ હે, દર્શન આપો અમને, હે મંગલ ન્યારા!

अनिवर्ती निवृत्तात्मा संक्षेप्ता क्षेमकृच्छिवः ।
श्रीवत्सवक्षाः श्रीवासः श्रीपतिः श्रीमतांवरः ॥६४॥

Anivarthee nivrut ātma

samkshepta kshema-krutchhivah;
Shree-vatsa-vakshah shree-vāsah
shree-pathih shreematām varaah.

કર્મઠ તેમ જ નિવૃત્ત તો છો, માયા સંકેલી લો છો,
શિવસ્વરૂપ છો, નિજ ભક્તોનું મંગલ નિત્ય કરી દો છો;
લક્ષ્મીના પતિ, શ્રેષ્ઠ ધન્યમાં, ધામ સુખતણા એક તમે,
છાતીમાં શ્રીચિહ્ન ધરેલા, શરણે આવ્યાં આજ અમે.

श्रीदः श्रीशः श्रीनिवासः श्रीनिधिः श्रीविभावनः ।
श्रीधरः श्रीकरः श्रेयः श्रीमाँल्लोकत्रयाश्रयः ॥६५॥

Shreeda-shreeshah shree-nivāsah
shree-nidhi-shree-vibhāvanah;
Shree-dhara-shree-kara shreyah
shree-mān-loka tray-ashrayah.

મંગલદાતા માયાના પતિ, લક્ષ્મીના ભંડાર તમે,
લક્ષ્મીધારી, મંગલકારી, શ્રેય પરમ સૌનુંય તમે;
ત્રણે લોકના આશ્રય એવા એક જગતમાં છો શ્રીમાન,
નમીએ તમને પ્રેમ કરીને, અરજ અમારી લેજો ધ્યાન!

स्वक्षः स्वङ्गः शतानन्दो नन्दिर्ज्योतिर्गणेश्वरः ।
विजितात्माऽविधेयात्मा सत्कीर्तिश्छिन्नसंशयः ॥६६॥

Svaksha svangah shatānando
nandir jyotir ganeshvarah;
Vijit ātma vidhey ātma
sat-kirtish chhinna samshayah.

સુલોચન અને દિવ્ય દેહના, અનંત છો આનંદ તમે,
ગ્રહનક્ષત્ર તણા છો સ્વામી, આત્મજીત વિખ્યાત તમે;
શંકરાહિત તમે શાસ્ત્રોથી સિધ્ધ સદાય થયેલા છો,
કૃપા કરી દો પૂર્ણ તમે તો કહો ન કોનું મંગલ હો!

उदीर्णः सर्वतश्चक्षुरनीशः शाश्वतस्थिरः ।
भूशयो भूषणो भूतिर्विशोकः शोकनाशनः ॥६७॥

Udeerna-sarvatash chakshuh
aneesha shāshvatah sthirah;
Bhooshayo bhooshano bhootir
vishoka shoka-nāshanah.

શ્રેષ્ઠ તેમ સૌનાયે દ્રષ્ટા, સદાકાળ રહેનારા છો,
ઈશ્વર સૌના, ભુષણ જગના, વિભૂતિ સુખ દેનારા છો;
રામરૂપ ને શોકરહિત છો, શોકનાશ સૌનો કરતા,
લાખોવાર પ્રણામ તમોને થઈ જાવ બંધનહરતા!

अर्चिष्मानर्चितः कुम्भो विशुद्धात्मा विशोधनः ।
अनिरुद्धोऽप्रतिरथः प्रद्युम्नोऽमितविक्रमः ॥६८॥

Archishmān architah kumbho
vishuddhātma vishodhanah;
Aniriddho pratirathah
pradyumno mita-vikramah.

જ્યોતિરૂપ ને પૂજ્ય તમે છો, કુંભ જગતના તમે ખરે,
વિશુધ્ધ તેમ જ મળ ધોનારા,સ્વતંત્ર છો પ્રધુમ્ન ખરે;
અમાપ બળના, નથી તમારે કોઈ વેર આ વિશ્વ વિશે,
નિર્વૈર કરો, પ્રેમ ધરી દો, કૃપા કરી દો હૈયું હસે!

कालनेमिनिहा वीरः शौरिः शूरजनेश्वरः ।
त्रिलोकात्मा त्रिलोकेशः केशवः केशिहा हरिः ॥६९॥

Kālanemi niha veera
shourie shoora-janeshvarah;
Trilokātma trilokeshah
keshavah keshihā harih.

વીર, વીરના સ્વામી છો, ને કાલનેમિના નાશક છો,
ત્રિભુવનસ્વામી, પ્રાણ જગતના, કેશવ, સૌના ચાહક છો;
કેશિનિષુદન તેમ જ હરિ છો,પાપ અમારું પૂર્ણ હરો,
વળી અવિદ્યા ક્લેશ હરીને, અમને પૂર્ણ પ્રસન્ન કરો!

कामदेवः कामपालः कामी कान्तः कृतागमः ।
अनिर्देश्यवपुर्विष्णुर्वीरोऽनन्तो धनंजयः ॥७०॥

Kāma-devah kāma-palah
kāmee kāntah krutagamah;
Anirdeshya vapuh vishnuh
veero nanto dhananjayah.

કામદેવ ને પૂર્ણકામ છો, ઈચ્છા સૌ પૂરી કરતા,
પૃથ્વીના પતિ, શાસ્ત્રરચયિતા, વ્યાપક, અણુઅણુમાં ફરતા;
અનંત તેમ ધનંજય એવા પૂર્ણકામ પરમાત્મા છો,
વીર વીરના, નમીયે તમને, કૃપાળુ હે પરમાત્મા હો!

ब्रह्मण्यो ब्रह्मकृद् ब्रह्मा ब्रह्म ब्रह्मविवर्धनः ।
ब्रह्मविद् ब्राह्मणो ब्रह्मी ब्रह्मज्ञो ब्राह्मणप्रियः ॥७१॥

Brahmanyo brahma-krut brahmā
brahma brahma-vivardhanah;
Brahma-vid brāhmano brahmee
brahmajno brāhmana-priyah.

બ્રહ્મ તમે છો બ્રહ્મા તેમ જ બ્રાહ્મણની રક્ષા કરતા,
સત્યધર્મ ને વધારનારા, ધર્મ જાણતા ને રચતા;
ઈશ્વરદર્શી બ્રાહ્મણરૂપે તમે, તમે છો બ્રહ્મ કહ્યા,
વેદ જાણતા જ્ઞાનીના પ્રિય, હૈયામાં છો તમે રહ્યા!

महाक्रमो महाकर्मा महातेजा महोरगः ।
महाक्रतुर्महायज्वा महायज्ञो महाहविः ॥७२॥

Mahā-kramo mahā-karma
mahā-teja mahoragah;
Mahā-kritur mahā-yajva
mahā-yagno mahā-havih.

સૃષ્ટિના ક્રમના કરનારા, મહાન તેજસ્વી કર્મી,
ચરાચરોમાં હજાર એવા, યજ્ઞ, યજ્ઞકર્તા, ધર્મી;
આહૂતિ ને બલિદાન છો, તમને નમીએ નિત્ય અમે,
કૃપા કરી દો, વિના તમારા કોઈ ચે વસ્તુ નહિ ગમે!

स्तव्यः स्तवप्रियः स्तोत्रं स्तुतिः स्तोता रणप्रियः ।
पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्तिरनामयः ॥७३॥

Stavyah stava-priyah stotram
stutih stotā rana-priyah;
Poornah poorayitā punyah
punya-kirti ranāmayah.

સ્તુતિને યોગ્ય, તમે પૂરણ છો, સ્તુતિથી થાવ પ્રસન્ન ખરે
સ્તુતિરૂપ વળી સ્તુતિ કરનારા, લીલાપ્રિય છો પૂર્ણ ખરે;
દુઃખ અવિદ્યા વિકારથી પર, પુણ્યવાન છો ખૂબ તમે,
કૃપાકટાક્ષ કરી દો પ્રેમે, નમીયે વારંવાર અમે!

मनोजवस्तीर्थकरो वसुरेता वसुप्रदः ।
वसुप्रदो वासुदेवो वसुर्वसुमना हविः ॥७४॥

Manojavas tirthakaro
vasu-reta vasu-pradah;
Vasu-prado vāsudevo
vasur-vasu-mana havih.

કામદેવ ને તીર્થરૂપ છો, બ્રહ્મ, ધન દેનાર તમે,
ચાર પદાર્થોના દેનારા, વાસુદેવ, હુતદ્રવ્ય તમે;
વિશ્વમહીં વસનારા તેમ જ જગતતણા કારણ પણ છો,
નમસ્કાર કરીયે હે પ્રભુજી, અમને હરનિશ મંગલ દો!

सद्गतिः सत्कृतिः सत्ता सद्भूतिः सत्परायणः ।
शूरसेनो यदुश्रेष्ठः सन्निवासः सुयामुनः ॥७५॥

Sadgati satkrutih satta
sadbhooti satparāyanah;
Shoora-seno yadu-shreshthah
sannivasah suya-munah.

સદગતિ છો ને, સત્કર્મી છો, સત્તા સત્યવિભૂતિ તમે,
સત્યપરાયણ, કૃષ્ણરૂપ છો, સદગુણ સેનાવાન તમે;
સંતજનોના આશ્રય તેમ જ જમના ઝેરરહિત કરતા,
નમીયે તમને પ્રેમ કરીને સદા થાવ સંકટહરતા!

भूतावासो वासुदेवः सर्वासुनिलयोऽनलः ।
दर्पहा दर्पदो दृप्तो दुर्धरोऽथापराजितः ॥७६॥

Bhoota-vaso vāsudevah
sarva-sunilayo analah;
Darpahā darpado drupto
durdharo thā parājitah.

જીવમાત્રના નિવાસ છો, ને વાસુદેવ, અગ્નિય તમે,
ગર્વનાશ કરનારા ગૌરવ, સૌના પ્રાણાધાર તમે;
વિજયી તેમ જ કષ્ટસાધ્ય છો, વંદન કરીયે ખૂબ અમે,
કૃપા કરી દો ચિત્ત તમારાં ચરણ તજી ના ક્યાંય ભમે!

विश्वमूर्तिर्महामूर्तिर्दीप्तमूर्तिरमूर्तिमान् ।
अनेकमूर्तिरव्यक्तः शतमूर्तिः शताननः ॥७७॥

Vishva-murtir-maha-murtih
deepta-murtir amurtiman;
Aneka-murtir avyaktah
shata-murti shata-nanah.

વિરાટ, વ્યાપક ને તેજસ્વી, નિરાકર છો તમે મહાન,
એક છતાંયે અનેક એવા, હજાર મુખવાળા, છો પ્રાણ;
વિવિધસ્વરૂપમહીં રહેનારા, કૃપાતણું દો આજે દાન,
રૂપ તમારું મંગલ એમાં આંખ ધરે હંમેશાં ધ્યાન.

एको नैकः सवः कः किं यत् तत्पदमनुत्तमम् ।
लोकबन्धुर्लोकनाथो माधवो भक्तवत्सलः ॥७८॥

Eko-naika savah kah kim
yat tatpada manuttamam;
Loka-bandhur lokanātho
mādhavo bhakta-vatsalah.

એક છતાં છો અનેક, તેમ જ વિના તમારા કોણ અહીં,
વિના તમારા કશુંય છો ના, દિવ્ય તમારી મૂર્તિ કહીં;
ઉત્તમ પદને લોકબંધુ છો, લોકનાથ ને માધવ છો,

નમીયે તમને પ્રેમ કરીને! ભક્તવત્સલ સનાતન છો.

सुवर्णवर्णो हेमाङ्गो वराङ्गश्चन्दनाङ्गदी ।
वीरहा विषमः शून्यो घृताशीरचलश्चलः ॥७९॥

Suvarna varno hemāngo
varāngash chandan angadee;
Veerahā vishama shoonyo
ghrita sheer achalash chalah.

સુવર્ણસુંદર, સદા પ્રકાશિત, ચંદનના ભૂષણવાળા,
દૈત્યવિનાશક, સદા વિલક્ષણ, કોઈ ના દૂષણવાળા;
સદા તૃપ્ત ને સૂક્ષ્મ, અચળ છો,ચલાયમાન છતાં લાગો,
કૃપા કરી સઘળાંય અમારાં બંધન તનમનનાં ભાંગો!

अमानी मानदो मान्यो लोकस्वामी त्रिलोकधृक् ।
सुमेधा मेधजो धन्यः सत्यमेधा धराधरः ॥८०॥

Amānee mānado mānyo
loka-swami trilokadhrut;
Sumedhā medhajo dhanyah
satya-medhā dharā-dharah.

નમ્ર, માન ભક્તોને દેતા, પૂજ્ય તમે સૌથીયે ખરે,
લોકનાથ, ત્રિભુવનના ધારક, બુદ્ધિવાળા, ધન્ય ખરે;
ન્યાયપરાયણ, ધરતીધારક, નમીયે તમને ખૂબ અમે,
પ્રેમયજ્ઞથી પ્રકટ થનારા, નમીયે તમને ખૂબ અમે!

तेजोवृषो द्युतिधरः सर्वशस्त्रभृतां वरः ।
प्रग्रहो निग्रहो व्यग्रो नैकशृङ्गो गदाग्रजः ॥८१॥

Tejo vrusho dyuti-dharah
sarva-shastra-bhrutam varah;
Pragraho nigraho vyagro
naika-shrungo gada-grajah.

સૂર્યરૂપ છો, ઓજસ્વી ને સર્વશસ્ત્રના સ્વામી છો
પ્રેમ ગ્રહણ કરનારા, જગના વશકર્તા, વ્યવસાયી છો;

અનેકવિધ છો, વિશ્વ પહેલાં પ્રકટ થયેલા સત્ય તમે,
નેહ કરીને પ્રણામ કરીએ વારંવાર અનંત અમે!

चतुर्मूर्तिश्चतुर्बाहुश्चतुर्व्यूहश्चतुर्गतिः ।
चतुरात्मा चतुर्भावश्चतुर्वेदविदेकपात् ॥८२॥

Chatur-murti chatur-bhahu
chatur-vyoohah chatur-gatih;
Chatur-atma chatur-bhavah
chatur-veda-videkapāt.

ચતુર્હસ્ત છો, ચાર દેહના, ચાર વેદના રચનારા,
ચાર જાતની મુક્તિ છો, ને ચાર અવસ્થા ધરનારા;
ધર્મ અર્થ ને કામ મોક્ષ છો, જીવન જગને ધરનારા
પ્રણવરૂપ છો એક ચરણના, વંદન હે ભય હરનારા!

समावर्तोऽनिवृत्तात्मा दुर्जयो दुरतिक्रमः ।
दुर्लभो दुर्गमो दुर्गो दुरावासो दुरारिहा ॥८३॥

Samāvarto nivrutātma
durjayo durati-kramah;
Durlabho durgamo durgo
durāvaso durāriha.

વીંટળાયેલા સકળ વિશ્વને, પ્રવૃત્ત છો જગના હિતમાં,
કષ્ટસાધ્ય છો, દુર્લભ તેમ જ દુર્ગમ, રત સૌના સુખમાં;
કષ્ટવિનાશક, અજ્ઞાનીથી દૂર સદા રહેનારા છો,
પ્રણામ કરીએ નેહે તમને,અક્ષયસુખ દેનારા હો!

शुभाङ्गो लोकसारङ्गः सुतन्तुस्तन्तुवर्धनः ।
इन्द्रकर्मा महाकर्मा कृतकर्मा कृतागमः ॥८४॥

Shubhāngo loka-sārangah
sutantu stantu-vardhanah;
Indra-karmā mahā-karmā
kruta-karmā krutā-gamah.

(અનુષ્ટુપ)
ચારુ છો, હંસ જેવા છો, સર્વવ્યાપક તત્વ છો,
માયાની જાળના કર્તા, મહાકર્મી તમે જ છો;
સંસારને વધારો છો, ધન્ય ને પૂર્ણ છો તમે,
વેદના રચનારા હે, નમીયે તમને અમે!

उद्भवः सुन्दरः सुन्दो रत्ननाभः सुलोचनः ।
अर्को वाजसनः शृङ्गी जयन्तः सर्वविज्जयी ॥८५॥

Udbhava sundara sundo
ratana-nabha sulochanah;
Arko vājasanah shrungi
jayantah sarva-vijjayi.

અજ ને અવિનાશી છો, દયાસૌંદર્યસાગર,
રત્નશા મહિમાવાળા, સૂર્ય તેમ સુધાકાર;
દાનીને દિવ્યદૃષ્ટિ છો, ચંદ્ર ધારેલ શંકર,
સર્વજ્ઞ, સર્વના જેતા, નમીયે અભયંકર!

सुवर्णबिन्दुरक्षोभ्यः सर्ववागीश्वरेश्वरः ।
महाह्रदो महागर्तो महाभूतो महानिधिः ॥८६॥

Suvarna bindu-rakshobhyah
sarva-vageeshvare-shvarah;
Mahā-hrado mahā-garto
mahā-bhooto mahā-nidhih.

બીજરૂપ તમે સૌના, બ્રહ્માના નાથ, શાંત છો,
આનંદરૂપ, માયાના કૂપ છો, ને પ્રશાંત છો;
ભંડાર વીર્યના છો, ને સૌથી ઉત્તમ તત્વ છો,
નમીયે તમને દેવ! જગના માત્ર તત્વ છો.

कुमुदः कुन्दरः कुन्दः पर्जन्यः पावनोऽनिलः ।
अमृतांशोऽमृतवपुः सर्वज्ञः सर्वतोमुखः ॥८७॥

Kumudah kundarah kundah
parjanyah pāvan anilah;

Amrutansho mruta-vapuh
sarvajnah sarvato-mukhah.

સર્વને હર્ષ દેનારા, તમે આનંદરૂપ છો,
વાયુવર્ષા તમે, તેમ શુભ્રપાવન ખૂબ છો;
સર્વજ્ઞ ને સુધાસ્વામી, મૃત્યુથી પર છો તમે,
સર્વવ્યાપક હે દેવ, તમને નમીયે અમે!

सुलभः सुव्रतः सिद्धः शत्रुजिच्छत्रुतापनः ।
न्यग्रोधोऽदुम्बरोऽश्वत्थश्चाणूरान्ध्रनिषूदनः ॥८८॥

Sulabha suvratah siddhah
shatru jichhatru-tāpanah;
Nyagro-dhodumbaro shvatthah
chanoo-rāndhru nishoodanah.

(હરિગીત)
સાધનથી છો સુલભ સદાયે, તમે પ્રતિજ્ઞાપાલક છો,
પૂર્ણ સિધ્ધ છો, વટશાયી ને અક્ષયવટ પણ આપ જ છો;
ફલરૂપે બ્રહ્માંડતણા ને જગરૂપી અશ્વત્થ તમે,
આંધ્રદેશ-ચાણુર-વિનાશક, પ્રણામ કરીએ કૃષ્ણ અમે.

सहस्रार्चिः सप्तजिह्वः सप्तैधाः सप्तवाहनः ।
अमूर्तिरनघोऽचिन्त्यो भयकृद्भयनाशनः ॥८९॥

Sahasrarchi sapta-jihvah
saptaidhā sapta-vāhanah;
Amurtir anagho chintyo
bhaya-krud bhaya-nashanah.

જ્યોતિરૂપ છો, સાત જીભના અગ્નિરૂપે તમે રહ્યા,
સાત જીભથી ભક્ષણ કરતા, વાહનવાળા સાત કહ્યા;
નિરાકાર, નિર્દોષ સદા છો, મનબુદ્ધિથી પર સ્વામી,
ભયનાશક, ભય નષ્ટ કરી દો, નમીયે હે અંતર્યામી!

अणुर्बृहत्कृशः स्थूलो गुणभृन्निर्गुणो महान् ।
अधृतः स्वधृतः स्वास्यः प्राग्वंशो वंशवर्धनः ॥९०॥

Anurbruhat krushah sthulo
guna-bhrunnir-guno-mahan;
Adhruta svadhruta svasyah
prāgvamsho vansha-vardhanah.

વિરાટ છો ને અણુના જેવા, કૃશ છો તેમ જ સ્થૂલ તમે,
સગુણ વળી નિર્ગુણ છો, તેમ જ મહાન, સુંદરવન તમે;
પીંડ તેમ બ્રહ્માંડરૂપ છો, અનાસક્ત સાચે જ તમે,
વંશ વિશ્વનો વધારનારા, સ્તવીયે તમને આજ અમે!

भारभृत् कथितो योगी योगीशः सर्वकामदः ।
आश्रमः श्रमणः क्षामः सुपर्णो वायुवाहनः ॥९१॥

Bhāra-bhrut kathito yogi
yogeeshah sarva kāmdah;
Ashrama shramanah kshāmah
suparno vāyu-vahanah.

ભાર વિશ્વનો વહન કરો છો, સ્તવન તમારું શાસ્ત્ર કરે,
યોગીશ્વર છો, સર્વકામના પૂર્ણ કરી દેનાર ખરે;
આશ્રમ સૌના, ક્ષમાશીલ ને જ્ઞાની, વાયુસ્વરૂપ તમે,
જીવ તેમ શિવરૂપી પંખી, નમીયે વારંવાર અમે!

धनुर्धरो धनुर्वेदो दण्डो दमयिता दमः ।
अपराजितः सर्वसहो नियन्ताऽनियमोऽयमः ॥९२॥

Dhanur-dharo dhanur-vedo
dando damayita damah;
Aparajita sarva-saho
niyanta niyamo yamah.

પરશુરામ ને રામ ધનુર્ધર, ધનુષજ્ઞાનસંપન્ન તમે,
દંડો તેમ જ દમન કરો છો દુષ્ટોને, દમરૂપ તમે;
સહનશીલ, સૌનાય નિયંતા, નિયમ તમોને ખૂબ ગમે,
સમર્થ છો યમરાજ, તમોને નમીયે વારંવાર અમે!

सत्त्ववान् सात्त्विकः सत्यः सत्यधर्मपरायणः ।
अभिप्रायः प्रियार्होऽर्हः प्रियकृत् प्रीतिवर्धनः ॥९३॥

Satvavān satvika satyah
satya-dharma parayanah;
Abhiprayah priyarhorhah
priyakrut preeti-vardhanah.

તત્વભર્યા છો, સાત્વિક તેમ જ સત્યપરાયણ સત્ય તમે,
પ્રિય ને પૂજ્ય, સર્વને ઉત્તમ, સોનું હિત કરનાર તમે;
પ્રેમ ભક્ત પર વધારનારા, સાર જ્ઞાનના શાશ્વત છો,
નમસ્કાર તમને હે પ્રભુજી, અમને નિશદિન મંગલ દો!

विहायसगतिर्ज्योतिः सुरुचिर्हुतभुग्विभुः ।
रविर्विरोचनः सूर्यः सविता रविलोचनः ॥९४॥

Vihaya-sagatir jyotih
suruchir hutabhugvibhuh;
Ravir virochana sooryah
savitā ravi lochanah.

વિહાર વ્યોમમહીં કરનારા, જ્યોતિરૂપ છો ,સૂર્ય તમે,
અગ્નિ ને આકાશરૂપ છો, વિશિષ્ટ રૂપપ્રકાશ તમે
સ્નેહી સૌના, સર્જક તેમ જ સૂર્યસમાં લોચનવાળા,
નમીયે વારંવાર, વહાવો પ્રેમતણી મોહક ધારા.

अनन्तो हुतभुग्भोक्ता सुखदो नैकजोऽग्रजः ।
अनिर्विण्णः सदामर्षी लोकाधिष्ठानमद्भुतः ॥९५॥

Ananto huta-bhugbhokta
sukhado naikado grajah;
Anirvinna sada-marshee
lokadhishthana madbhutah.

અનંત ને સૌનાયે ભોક્તા, હોમેલું ખાનાર તમે,
સુખ દેનારા, યુગયુગમાં અવતાર કૈંક લેનાર તમે
આદિ સર્વના, ક્લેશરહિત છો, સત્યપરાયણ, શાંત તમે,
અદભુત, વિશ્વતણા આશ્રય હે, નમીયે વારંવાર અમે.

सनात्सनातनतमः कपिलः कपिरव्ययः ।
स्वस्तिदः स्वस्तिकृत्स्वस्ति स्वस्तिभुक्स्वस्तिदक्षिणः ॥९६॥

Sanāt sanātana-tamah
kapilah kapiravyayah;
Swastida swasti-krut swasti
swastibhuk swasti-dakshinah.

પુરાણ તેમ સનાતન છો ને કપિલદેવ હનુમાન તમે,
અવિનાશી, કલ્યાણ આપતા, મંગલકર, કલ્યાણ તમે;
વિનાવિલંબે પ્રસન્ન થઈને ભક્તોનું મંગલ કરતા,
સદા કરી દો મંગલ, તમને નમીયે દૈન્યતણા હરતા.

अरौद्रः कुण्डली चक्री विक्रम्यूर्जितशासनः ।
शब्दातिगः शब्दसहः शिशिरः शर्वरीकरः ॥९७॥

Aroudrah kundali chakri
vikra-myoorjita shasanah;
Shabdātiga shabda-sahah
shishira sharvaree karah.

સુંદર, કુંડલ ધારણ કરતા, જગતચક્રના સ્વામી છો,
પરાક્રમી ને શાસક સૌના, શબ્દાતીત, અનામી છો;
જ્ઞાનતણા છો લક્ષ્ય, શિશિરની જેમ તાપને શાંત કરો,
દિવસરાત કરનારા, નમીયે, ક્લેશ અમારા સર્વ હરો.

अक्रूरः पेशलो दक्षो दक्षिणः क्षमिणांवरः ।
विद्वत्तमो वीतभयः पुण्यश्रवणकीर्तनः ॥९८॥

Akroorah peshalo daksho
dakshinah kshaminam varah;
Vidvattamo veeta-bhayah
punya-shravana kirtanah.

કુશળ, દયાળુ તેમ સુશોભિત,વળી વિચક્ષણ સદા કહ્યા,
ક્ષમાશીલમાં શ્રેષ્ઠ, અભય ને વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણ્યા;
શ્રવણ તમારું કીર્તન જનને પુણ્ય ધરે, મંગલ આપે,

કૃપા કરી દો, કૃપા તમારી ક્લેશ તેમ બંધન કાપે.

उत्तारणो दुष्कृतिहा पुण्यो दुःस्वप्ननाशनः ।
वीरहा रक्षणः सन्तो जीवनः पर्यवस्थितः ॥९९॥

Uttarano dushkrutiha
punyo dussvapna nashanah;
Veeraha rakshana santo
jeevanah parya-vasthitah.

તારક સૌના, દુષ્ટ કર્મના નાશક, ઉત્તમ પુણ્ય તમે,
દુષ્ટ સ્વપ્ન જેવાં દુઃખોના નાશક છો, શૂરવીર તમે;
રક્ષક તેમ જ જીવન જગના, સંતસ્વરૂપે તમે રહ્યા,
રગરગમાં વ્યાપી જાઓ છો, તમને વ્યાપક બધે કહ્યા.

अनन्तरूपोऽनन्तश्रीर्जितमन्युर्भयापहः ।
चतुरश्रो गभीरात्मा विदिशो व्यादिशो दिशः ॥१००॥

Ananta roopon anta shreeh
jitamanyur-bhayāpahah;
Chaturasro gabheer ātma
vidisho vyadisho dishah.

અનંતનામી, અનંતરૂપી, અનંત શક્તિવાળા છો,
ક્રોધજીત ને ભયનાશક છો, મૃત્યુના પણ મારક છો;
ચાર દિશામાં ફેલાયેલા, દિશા થકી પર, ગંભીર છો,
દિશારૂપ છો, આજ્ઞાકારી, અમને મંગલદાયક હો.

अनादिर्भूर्भुवो लक्ष्मीः सुवीरो रुचिराङ्गदः ।
जननो जनजन्मादिर्भीमो भीमपराक्रमः ॥१०१॥

Anadir bhoor-bhuvo lakshmi
suveero ruchir angadah;
Janano jana janmādih
bheemo bheema-parākramah.

અનાદિ છો, પૃથ્વી છો, તેમજ સૃષ્ટિની શોભા પણ છો,
વીર તેમ છો ભૂષણવાળા, જનક સર્વ જીવોના છો;

લોકજન્મના કારણ તેમજ ઉગ્ર કર્મના કરનારા,
પરાક્રમી છો, નમીયે તમને, દુઃખદર્દના હરનારા.

आधारनिलयोऽधाता पुष्पहासः प्रजागरः ।
ऊर्ध्वगः सत्पथाचारः प्राणदः प्रणवः पणः ॥१०२॥

Adhara nilayo dhāta
pushpa-hāsah prajāgarah;
Urdhvaga sat-pathā-charah
prānadah pranavah panah.

આશ્રયસ્થાન, બધાંના ધાતા, ફૂલ જેમ હસનારા છો,
જગના હિત માટે જાગ્રત ને ઉત્તમ ગતિ ધરનારા છો;
ન્યાય-નીતિના સ્વરૂપ તેમજ પ્રાણ સર્વના, પ્રણવ તમે,
સત્યપ્રતિજ્ઞ, અનંત, તમોને નમીયે વારંવાર અમે.

प्रमाणं प्राणनिलयः प्राणभृत्प्राणजीवनः ।
तत्त्वं तत्त्वविदेकात्मा जन्ममृत्युजरातिगः ॥१०३॥

Pramānam prāna nilayah
prāna-bhrut prāna jeevanah;
Tattvam tattva videkātma
janma mrutyu jaratigah.

પ્રમાણના પણ પ્રમાણ છો, ને પ્રાણતણા ભંડાર તમે,
પ્રાણ પોષનારા ઉત્તમ ને પ્રાણ, પ્રાણના સાર તમે;
એક, તત્વજ્ઞાની ને મૃત્યુ જન્મજરાથી રહિત તમે,
વિરહદુઃખથી રહિત કરી દો, નમીયે વારંવાર અમે.

भूर्भुवःस्वस्तरुस्तारः सविता प्रपितामहः ।
यज्ञो यज्ञपतिर्यज्वा यज्ञाङ्गो यज्ञवाहनः ॥१०४॥

Bhoor-bhuva svasta-rustarah
savita pra-pitāmahah;
Yajno yajna-patir-yajva
yajnango yajna-vahanah.

લોકલોકના વૃક્ષરૂપી છો, ભવસાગરના તારક છો,
પિતાસર્વના, પિતાના પિતા, પ્રપિતામહ પણ આપ જ છો;
યજ્ઞરૂપ છો, યજ્ઞદેવતા, મંગલના યજમાન તમે,
યજ્ઞસાર, સાધનથી મળતા, નમીયે વારંવાર અમે.

यज्ञभृद् यज्ञकृद् यज्ञी यज्ञभुग् यज्ञसाधनः ।
यज्ञान्तकृद् यज्ञगुह्यमन्नमन्नाद एव च ॥१०५॥

Yajna-bhrut yajnakrut yajnee
yajnabhuk yajna-sādhanah;
Yajnanta-krut yajna guhyam
anna mannada eva-cha.

સંરક્ષક ને હિતના યજ્ઞો યુગયુગમાં કરનાર તમે,
ભોક્તા, ફળદાતા મંગલના, યજ્ઞ થકી છો સાધ્ય તમે
જીવનયજ્ઞ તણા અંતક ને જીવનના છો સત્વ તમે,
અન્ન, અન્નના દેનારા હે, નમીયે વારંવાર અમે.

आत्मयोनिः स्वयंजातो वैखानः सामगायनः ।
देवकीनन्दनः स्रष्टा क्षितीशः पापनाशनः ॥१०६॥

Atma-yoni svayam jāto
vaikhāna sāma-gāyanah;
Devaki-nandana srashta
kshiteeshah pāpa-nashanah.

જીવનના છો મૂળ તમે, ને વળી સ્વયંભૂ સૃષ્ટા છો,
વરાહરૂપી, કૃષ્ણ તમે, ને સામવેદ ગાનારા છો;
સૃષ્ટિના છો સ્વામી, તેમ જ પાપ નાશ છો કરનારા,
નેહ કરીને નમીયે તમને, શાંતિ તેમ સુખ ધરનારા.

शङ्खभृन्नन्दकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ।
रथाङ्गपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥१०७॥

Shankha-bhrut nandakee chakree
sharngadhanva gadā-dharah;
Rathānga-pāni rakshobhyah
sarva praharan ayudhah.

શંખમહીં વસનાર, જીવનું પોષણ પ્રેમે કરનારા,
શંખગદા ને ચક્ર તેમ છો ધનુષ હાથમાં ધરનારા
વિશ્વચક્રને ચલાવનારા, શસ્ત્રો સઘળાં ધરનારા,
શાંત, પ્રસન્ન, પ્રેમથી નમીયે, હે મંગલના કરનારા.

सर्वप्रहरणायुध ॐ नम इति ।
वनमाली गदी शार्ङ्गी शङ्खी चक्री च नन्दकी ।
श्रीमान् नारायणो विष्णुर्वासुदेवोऽभिरक्षतु ॥१०८॥

Sree sarva-praharan ayudha om naman ithi
Vanmalee gadee sharngi shankhee chakree cha nandakee;
Shreemān narāyano vinshuh vāsudevor bhirakshatu.

॥ इति श्री विष्णुसहस्त्रनाम ॥

भीष्म उवाच
इतीदं कीर्तनीयस्य केशवस्य महात्मनः ।
नाम्नां सहस्रं दिव्यानामशेषेण प्रकीर्तितम् ॥१॥

BHISHMA UVACH
Iteedam kirtaneeyasya
keshavasya mahātmanah;
Nāmnam sahasram divya-nām
asheshena prakirtitam.

ભીષ્મ કહે છે:
હજાર દિવ્ય નામો આ પરિપૂર્ણરૂપે કહ્યાં,
પૂજ્ય ને સ્તુત્ય છે એવાં શ્રી વિષ્ણુ ભગવાનનાં.

य इदं शृणुयान्नित्यं यश्चापि परिकीर्तयेत् ।
नाशुभं प्राप्नुयात्किंचित्सोऽमुत्रेह च मानवः ॥२॥

Ya edam shrunuyat nityam
yaschhapi pari kirtayet;
Nashubham prapnuyat kinchit
somutreha cha mānavah.

સૂણશે રોજ જે આને, ગાશે પ્રેમ કરી વળી,

આ લોકે પરલોકે તે જશે સૌ દુઃખથી તરી.

वेदान्तगो ब्राह्मणः स्यात्क्षत्रियो विजयी भवेत् ।
वैश्यो धनसमृद्धः स्याच्छूद्रः सुखमवाप्नुयात् ॥३॥

Vedānta go brāhmana-syat
kshatriyo vijayi bhavet;
Vaisyo dhana-samruddhasyat
shudra sukham avapnuyat.

થશે બ્રાહ્મણ તો જ્ઞાની, જય ક્ષત્રિય પામશે,
ધની વૈશ્ય થશે, તેમ શૂદ્રયે સુખ પામશે.

धर्मार्थी प्राप्नुयाद्धर्ममर्थार्थी चार्थमाप्नुयात् ।
कामानवाप्नुयात्कामी प्रजार्थी प्राप्नुयात्प्रजाम् ॥४॥

Dharmarthee prāpnuyat dharmam
artharthee ch artha māpnuyāt;
Kāmanā-vāpnuyāt-kāmee
prajārthee ch apnuyat-prajām.

ધર્મ દ્રવ્ય વળી કામ તેમ સંતાન જે ચહે,
સહસ્ત્રનામ ગાવાથી તે તે વસ્તુ સદા લહે.

भक्तिमान् यः सदोत्थाय शुचिस्तद्गतमानसः ।
सहस्रं वासुदेवस्य नाम्नामेतत्प्रकीर्तयेत् ॥५॥

Bhakti-manya sadot-thaya
shuchi-stad gata mānasah;
Sahasram vāsudevasya
namnā metat prakirtayet.

પ્રભાતમાં ઊઠી ગાશે, થઇને સ્વચ્છ, નામ આ,
પ્રભુમાં મન રાખીને, પામશે યશ તે મહા.

यशः प्राप्नोति विपुलं ज्ञातिप्राधान्यमेव च ।
अचलां श्रियमाप्नोति श्रेयः प्राप्नोत्यनुत्तमम् ॥६॥

Yashah prāpnoti vipulam
jnati prādhanya meva-cha;
Achalam shriya māpnothi

shreyah prapnoty anuttamam.

જ્ઞાતિમાં શ્રેષ્ઠતા, લક્ષ્મી સદા રે'નાર પામશે,
થશે મંગલ તેનું, ને ભય ના કદી વ્યાપશે.

न भयं क्वचिदाप्नोति वीर्यं तेजश्च विन्दति ।
भवत्यरोगो द्युतिमान्बलरूपगुणान्वितः ॥७॥

Na bhayam kvachid āpnoti
viryam tejas cha vindati;
Bhavatya rogo dhyutimān
bala-roopa gunānvitah.

વીર્યવાન થશે તે તો, તેમ આરોગ્ય પામશે,
રૂપ ને ગુણ ધારીને, કાંતિ ઉત્તમ ધારશે.

रोगार्तो मुच्यते रोगाद्बद्धो मुच्येत बन्धनात् ।
भयान्मुच्येत भीतस्तु मुच्येतापन्न आपदः ॥८॥

Rogarto muchyate rogat
baddho muchyeta bandhanat;
Bhayan muchyeta bheetastu
muchye tapanna apadha.

રોગીના મટશે રોગ, બંધથી બદ્ધ છુટશે,
ભયમુક્ત થશે ભીત, દુઃખીના દુઃખ તૂટશે.

दुर्गाण्यतितरत्याशु पुरुषः पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण नित्यं भक्तिसमन्वितः ॥९॥

Durganya-titara tyashu
purushah purushottamam;
Stuvan nama-sahasrena
nityam bhakti samanvitah.

સહસ્ત્રનામથી જે આ પ્રભુની સ્તુતિને કરે,
થઇ સંકટથી મુક્ત સુખ સત્વર મેળવે.

वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ।
सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातनम् ॥१०॥

Vāsudeva-shrayo martyo
vasudeva parāyanah;
Sarva-pāpa vishuddhatma
yati brahma sanātanam.

પ્રભુનું શરણું લે જે, બને પ્રભુપરાયણ,
પાપમુક્ત થઇને તે પામે છે બ્રહ્મનું પદ.

न वासुदेवभक्तानामशुभं विद्यते क्वचित् ।
जन्ममृत्युजराव्याधि भयं नैवोपजायते ॥११॥

Na vāsudeva bhaktānām
ashubham vidyate kvachit;
Janma mrityu jarā vyādhi
bhayam naivap ajayate.

પ્રભુના ભક્તનું કો'દિ અમંગલ થતું નથી,
જન્મ મૃત્યુ જરા વ્યાધિ ભય તેને થતો નથી.

इमं स्तवमधीयानः श्रद्धाभक्तिसमन्वितः ।
युज्येतात्मसुखक्षान्तिश्रीधृतिस्मृतिकीर्तिभिः ॥१२॥

Emam stavam adheeyanah
shraddhā-bhakti samanvitah;
Yujyetatam sukhak shantih
shree-dhrati smruti kirtibhih.

શ્રદ્ધાભક્તિ થકી જે આ સ્તુતિને કરશે વળી,
શાંતિ દ્રવ્ય ક્ષમા કીર્તિ, ધૈર્ય ને જ્ઞાન પામશે.

न क्रोधो न च मात्सर्यं न लोभो नाशुभा मतिः ।
भवन्ति कृत पुण्यानां भक्तानां पुरुषोत्तमे ॥१३॥

Na krodho na mātsaryam
na lobho na shubhā-matih;
Bhavanti kruta punyānām
bhaktanam purushottame.

પુણ્યવાન પુરુષો જે પ્રભુના ભક્ત તેમને,
ક્રોધ લોભ વળી ઇર્ષા નથી દુર્ગતિ તેમને.

द्यौः सचन्द्रार्कनक्षत्रा खं दिशो भूर्महोदधिः ।
वासुदेवस्य वीर्येण विधृतानि महात्मनः ॥१४॥

Dhyou sa chandrarka nakshatra
kham disho bhoor-mahodadhih;
Vāsudevasya viryena
vidhrutani mahātmanah.

સ્વર્ગ સૂર્ય ગ્રહો ચંદ્ર વ્યોમ પૃથ્વી દિશા વળી,
પ્રભુની શક્તિ તે સૌને રહી જીવન છે ધરી.

ससुरासुरगन्धर्वं सयक्षोरगराक्षसम् ।
जगद्वशे वर्ततेदं कृष्णस्य सचराचरम् ॥१५॥

Sa-sura-asura gandharvam
sa-yaksho-raga rakshasam;
Jaga-dvashe vartate idam
krishnasya sachara charam.

દેવ દૈત્ય અને યક્ષ તેમ ગંધર્વ રાક્ષસ,
જડ ચેતન આ વિશ્વ બધું છે કૃષ્ણને વશ.

इन्द्रियाणि मनो बुद्धिः सत्त्वं तेजो बलं धृतिः ।
वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञ एव च ॥१६॥

Indriyani mano-buddhih
satvam tejo-balam dhrutih;
Vasudevāt makanyahuh
kshetram-kshetrajyna eva cha.

ઇન્દ્રિયો, મન ને બુદ્ધિ, તેજ ને બળ સત્વ આ,
દેહ આત્મા બધાંયે છે વાસુદેવ ખરે જ હા.

सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥१७॥

Sarvaga mana macharah
prathamam pari-kalpate;
Aachara prabhavo dharmo
dharmasya prabhur achyutah.

આચાર સર્વ શાસ્ત્રોમાં માનેલો મુખ્ય છે ખરે,
આચારથી બને ધર્મ, ધર્મના પ્રભુ નાથ છો.

ऋषयः पितरो देवा महाभूतानि धातवः ।
जङ्गमाजङ्गमं चेदं जगन्नारायणोद्भवम् ॥१८॥

Rushayah pitaro devah
mahā-bhootani dhātavah;
Jangamā-jangama chedam
jagannārāyan udbhavam.

પિતૃ, દેવ વળી વ્યોમ, ઋષિ ને પંચભૂત આ,
સચરાચર સૃષ્ટિના નારાયણ જ છે પિતા.

योगो ज्ञानं तथा सांख्यं विद्याः शिल्पादि कर्म च ।
वेदाः शास्त्राणि विज्ञानमेतत्सर्वं जनार्दनात् ॥१९॥

Yogo jynanam tatha sānkhyam
vidyā shilpādi karma-cha;
Vedāh shāstrani vijynana
etat-sarvam janardanāt.

યોગ, જ્ઞાન વળી સાંખ્ય, વિદ્યા, શિલ્પ સમી કળા,
વેદ વિજ્ઞાન ને શાસ્ત્ર જનાર્દન થકી થયાં.

एको विष्णुर्महद्भूतं पृथग्भूतान्यनेकशः ।
त्रींल्लोकान्व्याप्य भूतात्मा भुङ्क्ते विश्वभुगव्ययः ॥२०॥

Eko-vishnur mahad-bhootam
pruthag bhootan yanekasah;
Trilon-lokan-vyapya-bhootātma
bhujte vishva-bhuga vyayah.

એક વિષ્ણુમહીંથી આ હજારો જીવ થાય છે,
ત્રિલોકવ્યાપ્ત વિષ્ણુ આ ભોક્તા સૌનાં ગણાય છે.

इमं स्तवं भगवतो विष्णोर्व्यासेन कीर्तितम् ।
पठेद्य इच्छेत्पुरुषः श्रेयः प्राप्तुं सुखानि च ॥२१॥

Emam stavam bhagavato
vishnor-vyāsena kirtitam;
Pathedya echhet purushah
shreyah praptum sukhani-cha.

કલ્યાણ ઇચ્છતાં તેમ સુખને ચાહનાર જે,
મહર્ષિ વ્યાસની વિષ્ણુ-સ્તુતિ આ તે સદા કરે.

विश्वेश्वरमजं देवं जगतः प्रभुमव्ययम् ।
भजन्ति ये पुष्कराक्षं न ते यान्ति पराभवम् ॥२२॥

Vishveshvaramajam devam
jagatah prabhum avyayam;
Bhajanti ye pushkarāksham
na te yanti parābhavam.

(હરિગીત)
વિશ્વેશ્વર જે દેવ અજન્મા અવિનાશી આ જગના છે,
કમળસમાં સુંદર લોચનનાં, સર્જક દેવ જગતનાં છે;
પ્રેમભાવથી જે માનવ તે દેવદેવનું ભજન કરે,
શોકમોહથી મુક્ત થઇ તે સુખી થાય ને વિજય વરે.

अर्जुन उवाच
पद्मपत्रविशालाक्ष पद्मनाभ सुरोत्तम ।
भक्तानामनुरक्तानां त्राता भव जनार्दन ॥२३॥

ARJUNA UVACHA
Padma-patra vishālāksha
padma-nābha surottama;
Bhaktāna manur aktanam
trāta bhava janārdana.

અર્જુન કહે છેઃ
પદ્મનાભ હે દેવ દેવના, કમલનેત્ર, પરમેશ્વર હે,
પ્રેમી ભક્તોના રક્ષક હો, પ્રેમી પિતા જગતના હે !

श्रीभगवानुवाच
यो मां नामसहस्रेण स्तोतुमिच्छति पाण्डव ।
सोहऽमेकेन श्लोकेन स्तुत एव न संशयः ॥२४॥

SHREE BHAGAVAN UVACHA
Yo-mam nāma sahasrena
stotum ichhati pāndava;
Soham ekena shlokena
stuta eva na samshayah.

શ્રી ભગવાન કહે છેઃ
હજાર નામથી મારી સ્તુતિ જો ના કરી શકે,
એક શ્લોક થકી મારી સ્તુતિ પૂર્ણ થઇ શકે.

नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये
सहस्रपादा क्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते
सहस्रकोटि युगधारिणे नमः ॥२५॥

Namo stvanantāya sahasra murtaye
Sahasra pāda kshishiro rubahave;
Sahasra nāmne purushāya shāsvate
Sahasra koti-yuga-dhārine namah.

(હરિગીત)
હજાર જેનાં રૂપ, હજારો લોચન શિર ને પગ જેનાં,
હજાર સાથળ હાથો તેમજ હજાર નામ કહ્યાં જેનાં;
પુરુષ સનાતન હજાર કોટી યુગને હે ધારણ કરતાં,
નમસ્કાર હું કરું તમોને સર્વ શોક સંકટ હરતાં !

नमः कमलनाभाय नमस्ते जलशायिने ।
नमस्ते केशवानन्त वासुदेव नमोऽस्तुते ॥२६॥

namah kamala-nābhāy, namaste jalashāyine
namaste keshav anant, vāsudev namo stute.

પદ્મનાભ, નમું પ્રેમે, વાસુદેવ અનંત હે,
જળશાયી નમું પ્રેમે, નમું કેશવ હે, નમું !

वासनाद्वासुदेवस्य वासितं भुवनत्रयम् ।
सर्वभूतनिवासोऽसि वासुदेव नमोऽस्तु ते ॥२७॥

vāsanād vāsudevasy, vāsitam bhuvana trayam;

sarva bhuta nivāsosi, vāsudev namo stute.

ઇચ્છા થકી તમારી આ ઇચ્છાવાળા બધા બને,
વાસુદેવ નમું પ્રેમે, સર્વભૂતનિવાસ હે !

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ।
जगद्धिताय कृष्णाय गोविंदाय नमो नमः ॥२८॥

namo brahmanya-devay, go brāhmana hitāy ch;
jagadvitāy krishnāy, govindāy namo namah.

દેવ બ્રાહ્મણના, સૃષ્ટિ તેમ બ્રાહ્મણ ગાયના,
હિતકર્તા, તમોને હે કૃષ્ણ, ગોવિંદ, હું નમું.

आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥२९॥

akāshat patitam toyam, yathā gacchati sāgaram;
sarva deva namaskārah, keshavam prati gacchati.

વરસાદનું બધું પાણી જેમ સાગરમાં ભળે,
સર્વદેવ નમસ્કાર તેમ શ્રી પ્રભુને મળે.

एष निष्कंटकः पन्था यत्र संपूज्यते हरिः ।
कुपथं तं विजानीयाद् गोविन्दरहितागमम् ॥३०॥

es niskantakah panthā, yatra sampujyate harih;
ku-patham tam vijāniyad, govinda-rahitā gamam.

હરિસ્મરણનો માર્ગ, તે સલામત માર્ગ છે,
હરિ ભૂલાય જે માર્ગે, દુઃખનો માન માર્ગ તે.

सर्ववेदेषु यत्पुण्यं सर्वतीर्थेषु यत्फलम् ।
तत्फलं समवाप्नोति स्तुत्वा देवं जनार्दनम् ॥३१॥

sarva vedesu yat punyam, sarva tirthesu yat falam;
tat falam samavāpnoti, stutvā devam janārdanam.

વેદમાં પુણ્ય જે છે ને, તીર્થોનું ફળ જે કહ્યું,
જનાર્દન સ્તવ્યાથી તે ફળ સર્વ મળી જતું.

यो नरः पठते नित्यं त्रिकालं केशवालये ।
द्विकालमेककालं वा क्रूरं सर्वं व्यपोहति ॥३२॥

yo narah pathate nityam, trikālam kesavālaye;
dvi-kālam eka-kālam va, kruram, sarvam vyapohati.

સ્તુતિ મંદિરમાં વાંચે રોજ જે ત્રણ વાર આ,
એક-બે વાર યે વાંચે, તેનાં પાપ બળી જતાં.

दह्यन्ते रिपवस्तस्य सौम्याः सर्वे सदा ग्रहाः ।
विलीयन्ते च पापानि स्तवे ह्यस्मिन् प्रकीर्तिते ॥३३॥

dahyante ripavas tasya, saumyāh sarve sadā grahāh;
viliyante ch pāpani, stave hyasmin prakirtite.

શત્રુ રહે નહીં તેને ગ્રહ મંગલ થાય છે,
પાપ તેનાં મટે, જે આ સ્તોત્ર મંગલ ગાય છે.

येने ध्यातः श्रुतो येन येनायं पठ्यते स्तवः ।
दत्तानि सर्वदानानि सुराः सर्वे समर्चिताः ॥३४॥

yene dhyatah sruto yen, yenayam pathyate stavah;
dattani sarvadanani, surah sarve samarchitāh.

આ સ્તોત્ર જે સુણે, વાંચે, ધ્યાન તેનું કરે ફરી,
દાન તેણે કર્યું સર્વે દેવ પૂજ્યા બધા વળી.

इह लोके परे वापि न भयं विद्यते क्वचित् ।
नाम्नां सहस्रं योऽधीते द्वादश्यां मम सन्निधौ ॥३५॥

iha loke pare vapi, na bhayam vidyate kvachit;
nāmnām sahastram yodhite, dvādasyām mam sannidhau.

બારસે નામ આ મારાં ગાય મારી સમક્ષ જે,
આ લોકે પરલોકે ના તેને ભય કદી રહે.

शनैर्दहन्ति पापानि कल्पकोटिशतानि च ।
अश्वत्थसन्निधौ पार्थ ध्यात्वा मनसि केशवम् ॥३६॥

shanair dahati pāpani kalpa koti shatāni ch;
asvattha sannidhau pārth dhyatvā manasi Keshavam.

કરોડો કલ્પનાં પાપો ભસ્મ સત્વર થાય છે,
કરોડો ગાય આપ્યાનું તેને તો ફળ થાય છે.

पठेन्नामसहस्रं तु गवां कोटिफलं लभेत् ।
शिवालये पठेनित्यं तुलसीवनसंस्थितः ॥३७॥

pathennam sahastram tu, gavām koti falam labhet;
shivālaye pathen-nityam, tulasi-vana samsthitah.

તુલસી પીપળા સામે બેસી કે શિવમંદિરે,
તુલસીવનમાં બેસી ગાય આ સ્તોત્ર દિવ્ય જે.

नरो मुक्तिमवाप्नोति चक्रपाणेर्वचो यथा ।
ब्रह्महत्यादिकं घोरं सर्वपापं विनश्यति ॥३८॥

naro muktim avāpnoti chakra paner vacho yathā;
brahma-hatyā-dikam ghoram, sarva pāpam vinashyati.

બ્રહ્મહત્યા સમા ઘોર પાપથી મુક્ત થાય તે,
મોક્ષને મેળવે, શબ્દો પ્રભુના આ નહીં ફરે.

विलयं यान्ति पापानि चान्यपापस्य का कथा ।
सर्वपापविनिर्मुक्तो विष्णुलोकं स गच्छति ॥३९॥

Vilayam yānti pāpani cha anya pāpasya kā kathā;
sarva pāpa vinirmukto Vishnu-lokam sa gacchati.

પાપો નષ્ટ થતાં શું કહેવું અન્ય પાપનું,
મુક્ત થઇ સર્વ પાપોથી તે જાએ વિષ્ણુલોકમાં.

॥ श्री विष्णुसहस्त्रनाम माहात्म्यम् संपूर्णम् ॥